સુવિચાર

કિંમતના હોય ત્યાં વહેંચાવું નહીં અને
કદરના હોય ત્યાં ઘસાવું નહીં...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




રતનપરમાં ફ્લેવરવાળો દેશી દારૂ બનાવતી મીની ફેક્ટરી ઝડપાઇ

P-4

Year-16, Issue-97 ■ DATE : 30-07-2025 WEDNESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# રશિયામાં ૮.૮ના ભૂકંપ બાદ સુનામી ત્રાટકી

## અમેરિકા-જાપાન પર જોખમઃ શકિતશાળી ભૂકંપે સમગ્ર પ્રશાંત મહાસાગરના વિસ્તારોને હચમચાવી નાખ્યાઃ રશિયન દરિયાકાંઠે સુનામીના ૧૩ ફૂટ ઉંચા મોજા ઉછળ્યા





**મુખ્ય સમાચાર, મોસ્કો**

આજે રશિયાના પૂર્વીય કામચાટકા દ્વીપકલ્પના દરિયાકાંઠે રિક્ટર સ્કેલ પર ૮.૮ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો. આ ભૂકંપે પેસિફિક ક્ષેત્રમાં હડકંપ મચાવી દીધો. સવારે રશિયાના પૂર્વી પ્રદેશ કામચાટકામાં રિક્ટર સ્કેલ પર ૮.૮ ની તીવ્રતાનો પ્રચંડ ભૂકંપ આવ્યો. આ કુદરતી આફતની અસર અમેરિકા અને જાપાન સહિત કેટલાક દેશો પર પણ જોવા મળી રહી છે. ભૂકંપ પછી, રશિયન દરિયાકાંઠે સુનામીના વિશાળ મોજા જોવા મળ્યા, જેની ઊંચાઈ ૧૩ ફૂટ સુધી નોંધાઈ. વિસ્તારોમાંથી લોકોને બહાર કાઢવાનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે.૮.૮ ની તીવ્રતાના ભૂકંપે રશિયામાં ભારે તબાહી મચાવી છે. કેટલાક વીડિયો બહાર આવ્યા છે, જે દર્શાવે છે કે આ ભૂકંપ કેટલો ખતરનાક હતો. કામચાટકામાં આવેલા આ ભૂકંપની અસર જાપાન અને અમેરિકામાં પણ અનુભવાઈ રહી છે. ભૂકંપની ઊંડાઈ જમીનથી ૧૯.૩ ફૂટ નીચે હોવાનું કહેવાય છે. આના ઘણા વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યા છે. આ બતાવે છે કે ઈમારતો કેટલી ખરાબ રીતે ધ્રુજી રહી છે. તે જ સમયે, ઘણી જગ્યાએ ભારે નુકસાનના અહેવાલો છે. એક - બે નહિ પાંચ દેશોમાં સુનામીનું એલર્ટ જાહેર થયું છે.

કામચાટકામાં આવેલા ભૂકંપ પછી, રશિયન સરકારના મંત્રી લેબેદેવે લોકોને પાણીના વિસ્તારથી દૂર રહેવાની અપીલ કરી છે. તે જ સમયે, અમેરિકાની સુનામી ચેતવણી પ્રણાલીએ આગામી ૩ કલાકમાં સુનામીના મોજા ઉછળવાની ચેતવણી જારી કરી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ સમય દરમિયાન ઉત્તર પશ્ચિમ હવાઇયન ટાપુઓ અને રશિયન દરિયાકાંઠાની નજીક મોજાઓની ઊંચાઈ ૧૦ ફૂટ સુધી જઈ શકે છે. ઉપરાંત, ૩ ફૂટ ઊંચા સુનામી મોજા ફિલિપાઇન્સ, ચુક, કોસરે, માર્શલ આઇલેન્ડ, પલાઉ સુધી પહોંચી શકે છે. આ ઉપરાંત, દક્ષિણ કોરિયા, ઉત્તર કોરિયા અને તાઇવાનના દરિયાકાંઠે ૧ ફૂટથી વધુ ઊંચા મોજા પહોંચવાની શકયતા છે. જાપાનની હવામાન એજન્સીએ ચેતવણી જારી કરી છે કે સ્થાનિક સમય મુજબ બપોરે ૧ વાગ્યે ૩.૨૮ ફૂટ ઊંચા સુનામી મોજા દરિયાકાંઠાના વિસ્તારોમાં પહોંચી શકે છે.

આ ભૂકંપ એટલો શક્તિશાળી હતો કે ઘણા દેશોમાં સુનામીની ચેતવણી જારી કરવામાં આવી હતી. અમેરિકા, જાપાન, ન્યુઝીલેન્ડ, ફિલિપાઇન્સ, ઇક્વાડોર અને હવાઈ જેવા વિસ્તારોમાં દરિયાકિનારા પર ખતરાની ઘંટડી વાગી રહી છે. યુએસ જીઓલોજિકલ સર્વે અનુસાર, આ ૧૯૫૨ પછી આ પ્રદેશમાં આવેલો સૌથી શક્તિશાળી ભૂકંપ છે. આજે કામચાટકાના દરિયાકાંઠે ઓછામાં ઓછા છ ભૂકંપ નોંધાયા હતા, જેની તીવ્રતા ૫.૪ થી ૬.૯ સુધીની હતી. જોકે, આ બધા ૮.૮ ની તીવ્રતાના ભૂકંપ કરતા ઓછા શક્તિશાળી હતા. પેસિફિક સુનામી ચેતવણી કેન્દ્રએ ચેતવણી આપી છે કે રશિયા અને ઇક્વાડોરના કેટલાક દરિયાકાંઠાના વિસ્તારોમાં ૩ મીટર સુધી ઊંચા મોજા ઉછળી શકે છે.

# દેશમાં વધી રહેલા માર્ગ અકસ્માત રોકવા પ્રથમવાર AI નો ઉપયોગ કરાશે



**મુખ્ય સમાચાર, લખનૌ**

માર્ગ અકસ્માતો પાછળ રહેલી ટેકનિકલ ખામીઓ ટૂંક સમયમાં AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ)નો ઉપયોગ કરીને શોધી કાઢવામાં આવશે. ઉત્તર પ્રદેશ દેશનું પહેલું રાજ્ય બનશે જ્યાં AI અને બિગ-ડેટા એનાલિટિક્સ આધારિત મોડ્યુલ માત્ર અકસ્માતોના ચોક્કસ કારણો જ શોધી કાઢશે નહીં પરંતુ અકસ્માતોને રોકવામાં પણ મદદ કરશે.

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે ઉત્તર પ્રદેશ પરિવહન વિભાગના AI અને બિગ-ડેટા એનાલિટિક્સ આધારિત માર્ગ સલામતી પાયલોટ પ્રોજેક્ટને NOC આપ્યું છે. પરિવહન વિભાગે પરીક્ષણનો આદેશ આપ્યો છે.

ઉત્તર પ્રદેશ એવા રાજ્યોમાંનું એક છે જ્યાં સૌથી વધુ માર્ગ અકસ્માતો થાય છે. આ વર્ષે જાન્યુઆરીથી જૂન સુધીમાં કુલ ૨૫,૮૩૦ માર્ગ અકસ્માતોમાં ૧૪,૨૦૫ લોકોના મોત થયા હતા.

આ અકસ્માતો ખરાબ માર્ગ ઈજનેરી, હવામાન સમસ્યાઓ, ડ્રાઈવરોની અછત અથવા અન્ય

## ઉત્તર પ્રદેશ દેશનું પહેલું રાજ્ય બનશે

કારણોસર થયા હતા. આજ સુધી આ અંગે કોઈ વિશ્લેષણ કરવામાં આવ્યું નથી.

આ જ કારણ છે કે ઘણી જગ્યાએ અકસ્માતો વારંવાર થતા રહે છે. ગયા વર્ષે રાજ્યના ૪૨ ટકા માર્ગ અકસ્માતો લખનૌ સહિત ૨૦ જિલ્લાઓમાં થયા હતા. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ ઘણી વખત આ માર્ગ અકસ્માતો અંગે ચિંતા વ્યક્ત કરી છે.

તેમની પહેલ પર, પરિવહન વિભાગે AI-આધારિત માર્ગ સલામતી પરીક્ષણ માટે એક યોજના તૈયાર કરી. આ પરીક્ષણ જાહેર ક્ષેત્રના એકમ ઈંઝઈં લિમિટેડ અને વૈશ્વિક ટેક-પાર્ટનર એમલોજિકા દ્વારા હાથ ધરવામાં આવશે. સરકારે આ માટે પહેલાથી જ ૧૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે.

આ રિપોર્ટ છ અઠવાડિયામાં તૈયાર કરવામાં આવશે. પાયલોટ પ્રોજેક્ટ હેઠળ, AIનો ઉપયોગ કરીને કોન્સેપ્ટ ફેઝનો પ્રારંભિક પુરાવો છ અઠવાડિયામાં પૂર્ણ કરવાનો રહેશે. આ અંતર્ગત, ડેટા એકત્રિત કરવામાં આવશે અને અકસ્માત રિપોર્ટ તૈયાર કરવામાં આવશે અને માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયને મોકલવામાં આવશે.

અકસ્માતના કારણોના દરેક પાસાની વિગતો એકત્રિત કરીને એક AI મોડેલ તૈયાર કરવામાં આવશે. આ અકસ્માતના કારણો ઓળખવામાં અને બ્લેક સ્પોટ્સની આગાહી કરવામાં મદદ કરશે.

પરિવહન વિભાગ આ AI મોડેલને ફેસલેસ લાઇસન્સ પ્રક્રિયા, પરમિટ સિસ્ટમ, અમલીકરણ આધુનિકીકરણ, મહેસૂલ સંગ્રહ, ઇ-ચલણ અને વાહન-સારથી પ્લેટફોર્મમાં પણ લાગુ કરશે.

# ગુજરાત ATSને મોટી સફળતા, અલ કાયદા ટેરર મોડ્યુલની માસ્ટર માઇન્ડ મહિલાની બેંગ્લુરુથી ધરપકડ





**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાત એન્ટી-ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS) એ આતંકવાદ વિરુદ્ધની લડાઈમાં વધુ એક મોટી સફળતા મેળવી છે. ATSએ મંગળવારે અલકાયદા સાથે સંકળાયેલી ૩૦ વર્ષીય મહિલા શમા પરવીનની બેંગલુરુથી ધરપકડ કરી છે. પરવીન પર ઓનલાઈન પ્લેટફોર્મ્સ પર જેહાદી ષડયંત્ર રચવાનો અને દેશવિરોધી વીડિયો અપલોડ કરીને યુવાનોને જેહાદી કૃત્ય માટે ઉશ્કેરવાનો આરોપ છે, જે તેણે કબૂલ્યું હોવાનું જાણવા મળ્યું છે. મહત્ત્વનું છે કે ૨૩ જુલાઈ ૨૦૨૫ના રોજ ગુજરાત ATSએ અમદાવાદ અને મોડાસાના ૨ સહિત કુલ ૪ આતંકીઓની ધરપકડ કરી હતી, જે આતંકી જૂથની માસ્ટરમાઈન્ડ શમા પરવીન હોવાની માહિતી મળી છે.

શમા પરવીન મૂળ ઝારખંડની છે અને હાલમાં બેંગલુરુના હેબ્બલ વિસ્તારમાં તેના ભાઈ સાથે રહે છે, જે એક ખાનગી કંપનીમાં કામ કરે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ગુજરાત ATSના અધિકારીઓ શમા પરવીનની પ્રવૃત્તિઓ પર બારીકાઈથી નજર રાખી રહ્યા હતા. શમા પરવીન સોશિયલ મીડિયા અને કેટલીક શંકાસ્પદ એપ્લિકેશન દ્વારા અલકાયદાની વિચારધારા સાથે જોડાઈ હતી અને તેને ફેલાવવા સુધીની ગતિવિધિઓમાં સક્રિય હતી.

# ગુજરાતના મેગા સિટી અમદાવાદને ભારતનું સૌથી સુરક્ષિત શહેર જાહેર કરાયું



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ગુજરાતના મેગા સિટી અમદાવાદને ભારતનું સૌથી સુરક્ષિત શહેર જાહેર કરાયું છે. નમ્બિયો દ્વારા તાજેતરના ૨૦૨૫ના ક્રાઈમ ઈન્ડેક્સ અનુસાર, અમદાવાદ વૈશ્વિક સલામતી સૂચકાંકમાં ૬૮.૬ના સાથે ભારતમાં સૌથી સુરક્ષિત શહેર છે. ૭૭ના વૈશ્વિક ક્રમાંક અને ૬૮.૬ના સલામતી સૂચકાંક - સાથે, તે ભારતમાં યાદીમાં ટોચ પર છે. જ્યારે રાજસ્થાનનું જયપુર ૬૫.૨ ક્રમાંક સાથે સલામત શહેરોની યાદીમાં બીજા ક્રમે છે. આ ઉપરાંત કોઈમ્બૂર (૬૨.૦ચેન્નાઈ (૬૩.૦), પૂણે (૫૮.૭) અને હૈદરાબાદ (૫૭.૩) અનુક્રમે રહ્યા છે.

દેશનું આર્થિક પાટનગર ગણાતું મુંબઈ આ યાદીમાં ૫૫.૯ ક્રમાંક સાથે સાતમાં ક્રમે છે. સલામતીની બાબત-માં ભારતના અન્ય શહેરોમાં કોલકાતા (૫૩૩), ગુરુગ્રામ (૪૬.૦), બેંગલુરુ (૪૫.૭) અને નોઈડા (૪૪.૯) આવે છે. દેશનું પાટનગર નવી દિલ્હી સેફટીની દ્રષ્ટિએ સૌથી પાછળ છે અને તેનો સ્કોર૪૧.૦ જેટલો નીચો છે.

નમ્બિયોએ જાહે કરેલા ગ્લોબલ ક્રાઈમ ઈન્ડેક્સ ૨૦૨૫ અનુસાર વિશ્વમાં સૌથી સલામત શહેરમાં અબુ ધાબી મોખરે રહ્યું છે. નમ્બિયો પ્લેટફોર્મ પર વ્યક્તિઓ નિર્વાહ ખર્ચ, પ્રોપર્ટીની કિમતો તથા વિવિધ શહેરોમાં જીવન ધોરણ વગેરે બાબતોની માહિતીનું આદાનપ્રદાન કરે છે. યુઝર્સે વિવિધ શહેરોમાં સલામતી અંગેના તેમનાવિચારો રજૂ કર્યા હતા જેના સર્વેને આધારે આ રેન્કિંગ તૈયાર કરાયા છે.

વિશ્વના ૨૭૯ શહેરો પૈકી અબુ ધાબીને સૌથી વધુ ૮૮.૮નો સેફટી સ્કોર અપાયો હતો. અગાઉના વર્ષના આ જ ગાળામાં અબુ ધાબીને ૮૮.૪નો સ્કોર મળ્યો હતો. સળંગ નવમાં વર્ષે અબુ ધાબી વિશ્વના સૌથી સુરક્ષિત શહેરનો ખિતાબ મેળવવામાં સફળ રહ્યું હતું.

આ યાદીમાં મધ્ય પૂર્વ અને યુરોપના કેટલાક શહેરો પણ સામેલ છે. કતાર સ્થિત દોહા ૮૪.૩ના સ્કોર સાથે બીજું સુરક્ષિત શહેર છે. દુબઈ અને શારજહા અનુક્રમ ત્રીજાઅને ચોથા ક્રમે છે. તાઈવાનનું તાઈપેઈ ટોપ ફાઈવમાં સ્થાન ધરાવે છે જે આ યાદીમાં એકમાત્ર એશિયન શહેર છે. બહેરિનનું મનામા અને ઓમાનનું મસ્કત અનુક્રમે રહ્યા છે. યુરોપીયન દેશોના શહેરો પૈકી ધ હેગ, ટ્રોન્ડહેમ તથા આઈન્ડહોવન આ વર્ષના ટોપ ૧૦ સુરક્ષિત શહેરોની યાદીમાં છે.

# મિલ્કતોના સોદામાં ગેરરીતી ડામવા હવે ઓટીપી આધારિત ખરાઇ કરાશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં મિલ્કતોના રજીસ્ટ્રેશનમાં હવે ડિજીટલ પ્રક્રિયાને વેગ આપવામાં આવી રહી છે અને મિલ્કતોના સોદામાં ગેરરીતિ ડામવા માટે પણ હવે સરકાર અનેક પ્રસ્તાવ સાથે આવી રહી છે.

ખાસ કરીને મિલ્કતોમાં જે બેનામી સોદા થાય છે. તેને ડામવા માટે હવે મિલ્કતના ખરીદ-વેચાણ સમયે નોંધાયેલા ખરીદનાર-વેચનારના મોબાઈલ તથા નોંધણી અધિકારી રજીસ્ટારના અધિકૃત મોબાઈલ પર ઓટીપી આવશે અને તેના આધારે પુરા સોદાની તમામ માહિતી આવકવેરા વિભાગ પાસે ઉપલબ્ધ હશે.

દેશમાં સંપતિના ખરીદ-વેચાણ સંદર્ભમાં અનેક પ્રસ્તાવ સરકાર પાસે રજુ થયા છે. જેમાં નાગરિકોને ઓનલાઈન રજીસ્ટ્રેશનની સુવિધા મળશે. આજ રીતે અન્ય મિલ્કત સંબંધી કરારો જેમકે સેલડીડ, પાવર ઓફ એટર્ની, અદાલત દ્વારા જે વેચાણ વારસા-પ્રોબેટ સહિતના પ્રમાણપત્રો આપવામાં આવે છે તેનું પણ રજીસ્ટ્રેશન ફરજીયાત રહેશે.

આ પ્રકારે સરકાર મિલ્કત નોંધણી-ખરીદ-વેચાણની સમગ્ર પ્રક્રિયાને રજીસ્ટ્રેશન-ડિજીટલ અને ઓટીપી પ્રક્રિયા હેઠળ આવરી લેવા માંગે છે જેથી તેમાં ગેરરીતિ ઘટાડી શકાશે અને સાથોસાથ બેનામી સોદાઓ પણ અટકાવી શકાશે અથવા આ પ્રકારના સોદામાંથી માહિતી આવકવેરા વિભાગ પાસે પહોંચી જશે.

એક વખત આ પ્રકારે ઓટીપી આધારીત પ્રક્રિયા પુરી થયા બાદ આવકવેરા વિભાગ તેની ચકાસણી કરીને ખરીદનાર-વેચનાર વિ. વ્યક્તિઓના ડેટા ચકાસશે. ખાસ કરીને છેલ્લા પાંચ કે છ વર્ષમાં તેની આવક અને સંપતિની માહિતી નિશ્ચિત કરાશે. તેના આવકવેરા રીટર્નમાં તેના સમાવેશ અંગે ક્રોસ ચેકીંગ થશે. તેમાં કોઈ અનિયમિતતા કે જો તેની આવક કરતા વધુ સંપતિનો કેસ બનતો હોય તો તેમાં જે તે ખરીદ-વેચાણ કરનારને નોટીસ મોકલીને તેની પાસે જવાબ મંગાશે જેના કારણે મિલ્કતોમાં જે મોટાપાયે કાળા નાણાના વ્યવહારો થાય છે તેને ઝડપી શકાશે.

આવકવેરા વિભાગના વરિષ્ઠ અધિકારીના જણાવ્યા મુજબ જે નવો મિલ્કત રજીસ્ટ્રેશન એકટ- ૨૦૨૫ રજૂ થઈ રહ્યો છે. તેમાં મિલ્કત કે અન્ય દસ્તાવેજોના રજીસ્ટ્રેશન માટે સ્ટેમ્પ પેપર ખરીદી સમયે જ વન-ટાઈમ પાસવર્ડ (ઓટીપી) સીસ્ટમ અમલી બની જશે. બાદમાં રજીસ્ટ્રેશન કે સાટાખત નોંધણી સમયે ખરીદ-વેચાણમાં જોડાયેલા વ્યક્તિના પાન-કાર્ડની ખરાઈ ઓટીપીના આધારે કરવામાં આવશે.

તેના બાદ આધારની પણ ઓટીપીના આધારે ખરાઈ થશે અને તે ખરાઈ નિશ્ચિત થયા બાદ નોંધણી અધિકારી રજીસ્ટારના સતાવાર મોબાઈલ પર પણ પ્રાપ્ત ઓટીપીના આધારે તે આ સોદાના રજીસ્ટ્રેશનને મંજુરી આપશે. જેની નકલ રજીસ્ટ્રેશન દસ્તાવેજ સાથે રહેશે.

રજીસ્ટર કચેરીના રેકોર્ડમાં રહેશે અને એક સોફટ કોપી આવકવેરા વિભાગ પાસે જશે. જેના આધારે તે સોદાની તમામ માહિતી મેળવશે. દેશમાં બેનામી સંપતિઓ અંગે ૩ લાખથી વધુ કેસ હાલ પેન્ડીંગ છે અને તેથી ભવિષ્યમાં આ પ્રકારના સોદાઓ રજીસ્ટ્રેશન સમયે જ ઓળખાય જાય તે નિશ્ચિત કરવામાં આવશે.

આ નવી પદ્ધતિનો ઉપયોગ દાન-ગીફટમાં આપવામાં આવતી સંપતિઓને પણ લાગુ થશે. જેણે સંપતિ ખરીદી હોય પછી થોડા જ સમયમાં તે દાન-ગીફટ સ્વરૂપે અન્યને ટ્રાન્સફર કરી આપે તેમાં પણ એ બહાર આવ્યું છે કે જે દાન-ગીફટ મેળવે છે તે અસલી ખરીદાર જ હોય છે પણ તે બેનામી આવક છુપાવવા માટે આ પ્રકારના વ્યવહારો થાય છે.

# હવે ટ્રેનમાં બ્લેન્કેટ, તકિયો, ચાદર અને ટુવાલની ચોરી કરનારની ખેર નથીઃ પાંચ વર્ષની થશે સજા



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતીય રેલવે દુનિયાનું ચોથા નંબરનું નેટવર્ક છે અને એમાં કરોડો લોકો રોજ મુસાફરી કરે છે. રેલવેની ટ્રેનોમાં ઍર-કન્ડિશન્ડ ક્લાસમાં પ્રવાસ કરનારા મુસાફરોને બેડરોલ મળે છે જેમાં બ્લેન્કેટ, તકિયો, ચાદર અને ટુવાલ સામેલ હોય છે. ટ્રેન-પ્રવાસની ટિકિટ ખરીદવામાં આવે ત્યારે જ એનું બુકિંગ થઈ જાય છે અને એના ચાર્જ ટિકિટમાં સામેલ છે.

પ્રવાસ બાદ બેડરોલ પાછો આપી દેવાનો હોય છે, પણ ઘણા લોકો આ સામાનની ચોરી કરે છે. આ ચીજોને રેલવેની સંપત્તિ માનવામાં આવે છે. જો કોઈ મુસાફર આવી ચીજો ચોરતાં રંગે હાથ પકડાઈ જાય તો તેને હજાર રૂપિયાનો દંડ કરવામાં આવે છે.

જો કોઈ મુસાફર આ દંડ ચૂકવવા માટે અસમર્થતા બતાવે તો તેને એક વર્ષની જેલની સજા થઈ શકે છે. વારંવાર આવો ગુનો કરનારા મુસ-ાફરોને પાંચ વર્ષની સજા અને દંડ બેઉની જોગવાઈ છે.

# ભારત હવે વેપાર કરાર નહીં કરે તો ૨૫% ટેરિફ લાદવાની ટ્રમ્પની ધમકી

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

ભારત સરકારે અમેરિકાને ૧ ઓગસ્ટની સમયમર્યાદા મુલતવી રાખવા અપીલ કરી છે. આ તારીખ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા નક્કી કરવામાં આવી છે. ટ્રમ્પે ધમકી આપી છે કે જો આ તારીખ સુધીમાં ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરાર નહીં થાય, તો તેઓ ભારત પર ૨૦-૨૫ ટકા સુધીનો ટેરિફ લાદી શકે છે. મંગળવારે એરફોર્સ વન પર પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું, મને લાગે છે કે ભારત એક સારો મિત્ર છે, પરંતુ તેણે લગભગ દરેક દેશ કરતા વધારે ટેરિફ અમેરિકા પાસેથી વસૂલ્યા છે. આ હવે ચાલી શકે નહીં. ભારત પર વધુ ટેરિફ લાદી શકાય છે.

સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારતે અમેરિકાને વિનંતી કરી છે કે ૨૫ ઓગસ્ટે નવી દિલ્હીમાં યોજાનારી આગામી વાટાઘાટો સુધી કરારની શક્યતાઓ ખુલ્લી રાખવા માટે ૧ ઓગસ્ટની સમયમર્યાદા લંબાવવામાં આવે. ભારત સરકારના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, બંને પક્ષો વાતચીતમાં રોકાયેલા છે. હજુ બે દિવસ બાકી છે. કંઈ પણ થઈ શકે છે. આશા છે કે અમેરિકા સમય આપશે, પરંતુ અંતિમ નિર્ણય અમેરિકી સરકારે લેવાનો છે.

યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ જેમીસન ગ્રીરે સોમવારે જણાવ્યું હતું કે, આપણે ભારત સાથે વધુ વાતચીત કરવાની જરૂર છે. અમે હંમેશા ભારત સાથે રચનાત્મક વાતચીત કરી છે, પરંતુ હવે જોવાનું બાકી છે કે ભારત સરકાર આ સોદા માટે કેટલી મહત્વાકાંક્ષા બતાવે છે.

# કાશ્મીરમાં વધુ બે ત્રાસવાદી ઠાર મરાયા



**મુખ્ય સમાચાર, શ્રીનગર**

કાશ્મીરમાં ઓપરેશન મહાદેવ અંતર્ગત પહેલગામ હુમલાના જવાબદાર ત્રણ ત્રાસવાદીઓ ઠાર મરાયા બાદ સુરક્ષા દળોને મળેલી વધુ એક સફળતાએ ભારતમાં ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહેલા કેટલાક ત્રાસવાદીઓને પડકારતા સર્જાયેલા એન્કાઉન્ટરમાં બે ત્રાસવ-ાદીઓને ઠાર મરાયા છે.

જયારે હજુ આ ક્ષેત્રમાં એન્કાઉન્ટર ચાલુ જ છે. આ અથડામણ જમ્મુ-કાશ્મીરના પુંછ જીલ્લાના કસલીયા ક્ષેત્રમાં ચાલી રહી છે. જેમાં સીમાપારથી કેટલીક શંકાસ્પદ હિલચાલો પર નજર સમયે કેટલાક ત્રાસવાદીઓ ભારતની સીમ-ામાં ઘુસવા પ્રયાસ કરી રહ્યા હોવાનું જણાતા જ તેઓને પડકારવામાં આવ્યા હતા અને એન્કાઉન્ટરમાં બે ત્રાસવાદીને ઠાર મારવામાં સફળતા મળી હતી અને હજુ જંગલક્ષેત્રમાં છુપાયેલા આતંકીઓને શોધવા ઓપરેશન ચાલુ છે.

હજુ ૩૬ કલાક પુર્વે જ આ ઓપરેશન હેઠળ પહેલગામ હુમલા માટે જવાબદાર ત્રણ ત્રાસવાદીઓને ઠાર મારવામાં આવ્યા હતા. તે બાદ પાકમાંથી ત્રાસવાદી ઘુસણખોરી માટે લોન્ચીંગ પેડ તૈયાર કરાયા છે અને હજુ અમરનાથ યાત્રા ચાલુ છે.

તેથી સુરક્ષાદળો આ ક્ષેત્રમાં થતી હીલચાલ પર ખાસ નજર રાખી રહ્યા છે તથા સતત પેટ્રોલીંગ ચાલુ છે અને યાત્રાની સુરક્ષા પણ વધારવામાં આવી છે. હાલ બરફ પીગળ્યો હોવાથી ઘુસણખોરીના અનેક માર્ગો પણ ખુલ્યા છે તેથી સતર્કતા વધારાઈ છે.

ચોથી જાગીરનો પડકાર
મુખ્ય સમાચાર
સાંધ્ય દૈનિક
WEDNESDAY 30/07/2025



# જામનગરના મોટી બાણુગર ખાતે વિશ્વ હેપેટાઈટિસ દિવસની ઉજવણી અંતર્ગત ''લેટ્સ બ્રેક ડાઉન'' થીમ પર જાગૃતિ કાર્યક્રમ યોજાયો

વિદ્યાર્થીઓને હેપેટાઈટિસ, ટીબી, એનીમિયા અને વાહકજન્ય રોગચાળા અંગે વિસ્તૃત માહિતી આપી રોગોને અટકાવવા માર્ગદર્શન અપાયું



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર વિદ્યાર્થીઓમાં હેપેટાઈટિસ, ટીબી, એનીમિયા અને વાહકજન્ય રોગચાળા અંગે જ્ઞાન અને જાગૃતિ ફેલાવવાના હેતુસર લેટ્સ બ્રેક ડાઉન ની થીમ પર સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, મોટી બાણુગાર ખાતે વિશ્વ હેપેટાઈટિસ દિવસ ૨૦૨૫ અંતર્ગત વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મોટી બાણુગર હેઠળ આવતી આ શાળામાં ધોરણ ૧૧ અને ૧૨ ના ૫૮ જેટલા વિદ્યાર્થીઓને માર્ગદર્શન અપાયું હતું.કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને હેપેટાઈટિસના વિવિધ પ્રકારો વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.સાથે જ વિદ્યાર્થીઓને ટીબી, વાહકજન્ય રોગો જેમ કે મેલેરિયા, ડેન્ગ્યુ, ડાયેરિયા અને એનીમિયા વિશે પણ પત્રિકાઓ દ્વારા વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અને આ રોગોના લક્ષણો, નિવારણના ઉપાયો અને સારવાર વિશે ઊંડાણપૂર્વક સમજાવવામાં આવ્યું, અને પ્રશ્નોત્તરી સત્ર દ્વારા વિદ્યાર્થીઓની શંકાઓનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. નુપુર પ્રસાદ, જિલ્લા ક્ષય અધિકારી ડો. પંકજકુમાર સિંઘ તેમજ જામનગર તાલુકાના તાલુકા હેલ્થ ઓફિસર ડો.જીગ્નેશ પટેલના માર્ગદર્શન હેઠળ, જિલ્લા એસ.બી.સી.સી. ચિરાગ પરમાર અને ટીબી સુપરવાઈઝર વિમલભાઈ નકુમ દ્વારા આ કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમના સફળ આયોજનમાં શાળાના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ અમરીબેન ચંદ્રવાડીયા, શિક્ષકો રેખાબેન સુથાર, રિદ્ધિબેન પુરોહિત, હેતલબેન નાટડા તેમજ દિવ્યાબેન જોશી દ્વારા સંપૂર્ણ સહકાર પૂરો પાડવામાં આવ્યો હતો.

# જામનગર પંથકની ૧૧ આંગણવાડીમાંથી ગેસ સિલીન્ડર, તેલના ડબ્બાની ચોરી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર પંથકના ગ્રામ્ય વિસ્તારોમાં આવેલી ૧૧ આંગણવાડીને તસ્કોરોએ નિશાન બનાવી છે, જુદ જુદા સમય દરમ્યાન આંગણવાડીમાથી ગેસ સિલીન્ડર, તેલના ડબા સહિતની સામગ્રી ચોરી કરી ગયા છે, જે અંગે લાલપુર, પડાણા, સિક્કા અને પંચકોશી-બીમાં ફરીયાદો કરવામાં આવતા પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. દરમ્યાન એલસીબીએ એક બાતમીના આધારે એક શકમંદને ઉઠાવી લીધો છે જે તપાસમાં જુદી જુદી ચોરીઓનો ભેદ ઉકેલાય તેવી શકયતાઓ સુત્રોએ વ્યકત કરી છે.લાલપુરના દલતુંગી ગામમાં ગત તા. ૧ના સમય દરમ્યાન આંગણવાડીના રસોડામાંથી એક ગેસ સિલીન્ડરની ચોરી થઇ હતી જેમાં કૈલાશબેને અજાણ્યા શખ્સ સામે ફરીયાદ કરી હતી, જસાપર ગામના.આંગણવાડીમાંથી એક ગેસ સિલીન્ડરની ચોરી જેમાં રીટાબેન દ્વારા લાલપુર પોલીસમાં અજાણ્યા ઇસમ સામે ફરીયાદ કરવામાં આવી છે.આ ઉપરાંત નવી પીપર ગામની આંગણવાડીના રસોડામાંથી બે ગેસના સિલીન્ડરની ચોરી કરી ગત તા. ૧૪ના સમય દરમ્યાન થઇ હતી જેમા ગઇકાલે આંગણવાડી વર્કર દેવીકાબેન દ્વારા ફરીયાદ નોંધાવવામાં આવી છે. પડાણા ગામમાં આવેલ આંગણવાડીમાથી ગત તા. ૧૨ના બપોરના સુમારે કોઇ અજાણ્યો શખ્સ તાળુ તોડીને ગેસ સિલીન્ડર ઉઠાંતરી કરી ગયો છે જેની ફરીયાદ વર્કર હંસાબેન દ્વારા કરવામાં આવી છે. જયારે મોટા લખીયા શાળાની બાજુમા આવેલી આંગણવાડીમાથી ગત તા. ૨૦-૬-૨૫ના સમય દરમ્યાન અજાણ્યો શખ્સ ગેસનો બાટલો લઇ ગયો હતો જેમાં કરૂણાબેન દ્વારા મેઘપર પોલીસમાં ફરીયાદ કરવામાં આવી છે.અન્ય ફરીયાદની વિગત મુજબ ડેરાછીકારી ગામમાં આંગણવાડીમાથી ગત તા. ૧૦ના રોજ બે ગેસના બાટલા ચોરી થયા છે જેમાં વિજયાબેન દ્વારા અજાણ્યા શખ્સ સામે ફરીયાદ કરવામાં આવી છે, મીઠોઇ ગામમાં આંગણવાડીમાથી બે ગેસના બાટલા ચોરી થયા છે, ભાનુબેન દ્વારા ફરીયાદ કરાઇ છે. જયારે ખટીયા બેરાજા આંગણવાડીમાં ગત તા. ૧૯-૬-૨૫ના સમય દરમ્યાન રસોડામાથી એક બાટલો ઉઠાંતરી કરી ગયાની ફરીયાદ દાખલ થઇ છે. તેમજ લાખાબાવળ આંગણવાડીમાં ગત તા. ૧૭ના બપોરના સુમારે દરવાજાનુ તાડુ તોડી કોઇ શખ્સ બે ગેસ સિલીન્ડર ચોરી કરી ગયો છે જે અંગે બાલુબેન દ્વારા પંચ-બીમાં ફરીયાદ કરવામાં આવી હતી.આ ઉપરાંત સિકકામાં આવેલી આંગણવાડીમાં ગત તા. ૪ના સમય દરમ્યાન એક ગેસનો બાટલો, ૩ તેના ડબા મળી કુલ ૯૭૦૦ના મુદામાલની ચોરી થઇ હતી જેમા મંજુલાબેન દ્વારા અજાણ્યા શખ્સ સામે સિકકા પોલીસમાં ફરીયાદ કરવામાં આવી છે. રાવલસર વાડી વિસ્તારમાં આંગણવાડીમાથી બે ગેસના બાટલા ચોરી થયા છે.

કુલ જુદા જુદા સ્થળે આવેલી ૧૧ આંગણવાડી કેન્દ્રને તસ્કરોએ અલગ અલગ સમય દરમ્યાન નિશાન બનાવીને ગેસ સિલીન્ડર, તેલના ડબા ચોરી કરી જતા મામલો પોલીસમાં લઇ જવામાં આવ્યો હતો. ફરીયાદ અનુસંધાને તપાસ ચલાવવામાં આવી રહી છે. સુત્રોમાથી જાણવા મળ્યા મુજબ પોલીસ દ્વારા એક શખ્સને શંકાના આધારે ઉઠાવી લેવામા આવ્યો છે જેની પુછપરછ હાથ ધરી છે સંભવત ઉપરોકત જુદી જુદી ચોરીનો ભેદ ટુંક સમયમાં ઉકેલાય તેવી શકયતા રહેલી છે.

# ઉનાના વાસોદ ગામે પૌરાણિક ભૂતેશ્વર મહાદેવ મંદિરની મુલાકાત લેતા પ્રાંત અધિકારી



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના વાસોદ ગામમાં આવેલ ભૂતનાથ મહાદેવ ના મંદિરમાં માનનીય શ્રી ઉના પ્રાંત અધિકારી/ સાહેબ એ વાસોજ ગામની અંદર આવેલ ઐતિહાસિક અને પૌરાણિક શ્રી ભૂતેશ્વર મહાદેવ મંદિર માં આવેલ ૪૦૦ વર્ષ જૂની ધર્મશાળા તેમજ પગથિયા વાળી વાવ અને સિંગલ પથ્થરમાંથી બનેલ અને અનેક કલાકૃતિની મુલાકાત લીધેલી અને ત્યારબાદ ભૂતેશ્વર મહાદેવના શિવલિંગ ઉપર અભિષેક કરી દર્શન કરેલા તેમજ ત્યાંના મહંત શ્રી ધર્મેન્દ્રગીરી બાલુગીરી ગોસ્વામી અને સમસ્ત ગ્રામજનો સાથે ભૂતેશ્વર મહાદેવ નો ઈતિહાસ જાણી માહિતી મેળવેલ અને તમામ લોકો સાથે સંવાદ કરી શુભેચ્છા મુલાકાત લીધેલી.

# જવાહર નવોદય વિદ્યાલય અલીયાબાડા ખાતે ''કેરિયર ફેર ૨૦૨૫''નું આયોજન કરાયું

વિદ્યાર્થીઓને કારકિર્દી વિકલ્પો, એન્ટ્રન્સ પરીક્ષાઓ, અભ્યાસક્રમ અને કૌશલ્ય વિકાસ વિશે માહિતી અપાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, વિદ્યાર્થીમિત્રોને ભવિષ્યના કારકિર્દી વિકલ્પો વિશે માર્ગદર્શન આપવા સાથે વિવિધ ક્ષેત્રોમાં ઉપલબ્ધ તકોથી અવગત કરાવવાના હેતુથી જવાહર નવોદય વિદ્યાલય, અલીયાબાડા ખાતે ''કેરિયર ફેઅર ૨૦૨૫''નું આયોજન કરવામાં આવ્યું હતું.આ કેમ્પમાં જિલ્લા રોજગાર અધિકારી સરોજ સાંડપા અને કાઉન્સિલર ધ્રુવસિંહ જાડેજા, દરબાર ગોપાલદાસ શૈક્ષણિક વિદ્યા સંસ્થાઓના પ્રતિનિધિઓ અને વિદ્યાર્થીઓ, વિદ્યાનિકેતન માધ્યમિક શાળા અલીયાબાડાના શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ, જવાહર નવોદય વિદ્યાલય, અલીયાબાડાના ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓને કારકિર્દી વિકલ્પો, એન્ટ્રન્સ પરીક્ષાઓ, અભ્યાસક્રમ અને કૌશલ્ય વિકાસ વિશે મહત્વપૂર્ણ માહિતી આપવામાં આવી હતી.સાથે જ કારકિર્દી માર્ગદર્શનના ચાર્ટ, ફાઈલ, બુક્સ વગેરેની પ્રદર્શનીનું પણ આયોજન રાખવામાં આવ્યું હતું જેનો લાભ ઉપસ્થિત વિદ્યાર્થિઓએ લીધો હતો.શાળાના પ્રિન્સીપલ એમ.પી.સિંહએ જણાવ્યું કે ''આ પ્રકારના કાર્યક્રમો વિદ્યાર્થીઓને સમયસર યોગ્ય દિશા માટે માર્ગદર્શન આપે છે અને તેમના આત્મ વિશ્વાસમાં વધારો કરે છે.

# મેરા યુવા ભારત જામનગર દ્વારા કારગિલ વિજય દિવસની ઉજવણી અંતર્ગત વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરાયું

**મુખ્ય સમાચાર, જામનગર**




જામનગર, મેરા યુવા ભારત જામનગર દ્વારા આ યુવાનોમાં રાષ્ટ્રીય ભાવના જાગૃત થાય તે હેતુથી કારગિલ વિજય દિવસ નિમિતે જામનગરની નવા નાગના સરકારી હાઈસ્કૂલ ખાતે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.આ સ્પર્ધામાં યુવાઓએ કારગિલના શહિદો રાષ્ટ્રની શાન અને અભિમાન કારગિલ યુદ્ધના પ્રેરણાદાયક પ્રસંગો, શહિદ જવાનોના બલિદાન અને દેશપ્રેમ અંગે ભાવનાત્મક પ્રસંગો રજૂ કર્યા હતા.સ્પર્ધાના મુલ્યાંકન માટે અતિથિ તરીકે નિવૃત્ત સેનાધિકારીઓ અને શિક્ષકોએ સેવા આપી હતી.સ્પર્ધામાં વિજેતાઓ તરીકે કટેશિયા ભાવેશ પ્રથમ સ્થાને, વાઘોડિયા પિયુષ દ્વિતીય અને કાંકરિયા દિયાતૃતીય સ્થાને વિજેતા રહ્યા હતા.આ તમામ વિજેતાઓને પ્રમાણપત્રો અને સ્મૃતિચિહ્નો આપી સન્માનિત કરવામાં આવ્યા.ઉલ્લેખનીય છે કે, ''મેરા યુવા ભારત'' ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય હેઠળ કાર્યરત એક સંસ્થા છે, જે દેશના યુવાનોમાં રાષ્ટ્રભક્તિ, નેતૃત્વ ક્ષમતા અને સમાજપ્રતિ જવાબદારીના ભાવને વિકસાવવાનું કાર્ય કરે છે.સમગ્ર કાર્યક્રમ જામનગરના જિલ્લા યુવા અધિકારી સ્વરૂપ મૂળચંદજી દેશભ્રાંતરના માર્ગદર્શન હેઠળ વર્ષાબેન પરમાર સહિત સંસ્થાની ટીમ દ્વારા સફળ બનાવાયો હતો.

# કલેકટર ડો. ઓમ પ્રકાશ અને નિવાસી અધિક કલેકટરની શુભેચ્છા મુલાકાત લેતાં સ્વાતંત્ર્ય સેનાની પરિવારના વારસદારો

**રાજકોટના સ્વાતંત્ર્યસેનાની પરિવારો દ્વારા અગાઉની પડતર માંગણીને ધ્યાનમાં રાખી કલેકટરને રજૂઆતઃ કલેકટરે પરિવારના સભ્યોને કોઈપણ પ્રશ્નો માટે કે રજૂઆત બાબતે કચેરીના દ્વાર ખુલ્લા હોવાનું જણાવી આવકાર આપ્યો**





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ દર વર્ષે ૧૫મી ઓગષ્ટ કે ૨૬મી જાન્યુઆરી આવે ત્યારે દેશને આઝાદ કરવા પાછળ અને આઝાદી અપાવવા હજારો સ્વાતંત્ર્ય વીરોએ પોતાના પ્રાણના બલિદાન આપ્યા છે. આવા સ્વાતંત્ર્ય વીરોને પ્રજાસત્તાક દિવસ અને સ્વાતંત્ર્ય પર્વના દિવસે સરકાર અચુક યાદ કરે છે. હાલ સરકાર તરફથી આવા સ્વાતંત્ર્ય સેનાનીના પરિવારોના વારસદારોનુ આજે પણ ૧૫મી ઓગષ્ટ હોય કે ૨૬મી જાન્યુઆરીના દિવસે શાલ ઓઢાડી તેમનું ધ્વજવંદન બાદ સન્માન કરવામાં આવે છે.

રાજકોટમાં સ્વાતંત્ર્ય સેનાની લગભગ કોઇ હયાત ન હોવાનું સૂત્રોમાંથી જાણવા મળ્યું છે ત્યારે તાજેતરમાં નવનિયુકત કલેકટર ડો. ઓમ પ્રકાશે ચાર્જ સંભાળ્યા બાદ કાલે રાજકોટના સ્વાતંત્ર્ય સેનાની પરિવાર તરફથી કલેકટરની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ તબક્કે કલેકટર ડો. ઓમ પ્રકાશે સારો પ્રતિસાદ આપી કોઇપણ મુશ્કેલી કે પ્રશ્નો હોય તો ગમે ત્યારે રજૂ કરવા આવવા માટે જણાવાયુ હતું. રાજકોટના સ્વાતંત્ર્ય સેનાની શુભેચ્છક પરિવાર દ્વારા ડો. ઓમ પ્રકાશને બુકે આપી તેમની સાથે તમામ પરિવારના સભ્યોએ પોતાના માતા કે પિતા જે લોકોએ દેશની આઝાદીની ચળવળમાં ભાગ લીધો હતો તેમને યાદ કરી અંગ્રેજોની ગુલામીની વાસ્તવિક્તાનો ચિતાર કલેકટર સમક્ષ રજૂ કર્યો હતો. ભૂતકાળના સ્વાતંત્ર્ય સેનાનીના સંસ્મરણો વાગોળ્યા હતા અને જેલવાસ ભોગવ્યાની દાસ્તાન રજૂ કરતા એક તબક્કે કલેકટર પણ ભાવવિભોર બની ગયા હતા. દરમિયાન સ્વાતંત્ર્ય સેનાની શુભેચ્છક પરિવાર દ્વારા (એટલે કે, સ્વાતંત્ર્ય સેનાનીના વારસદારો) નિવાસી અધિક કલેકટર એ.કે. ગૌતમને પણ મળ્યા હતા અને દેશની આઝાદી પાછળ વીરોના બલિદાન અને પ્રાણોની આહુતિ અંતર્ગત વાતચીત કરી હતી. આ તબક્કે નિવાસી અધિક કલેકટર આલોક ગૌતમે તમામ સ્વાતંત્ર્ય સેનાની પરિવારના સભ્યો, વારસદારોને કોઇપણ પડતર પ્રશ્નો, મુશ્કેલી બાબતે મળવા જણાવાયુ હતુ. ઉપરોકત કલેકટર અને નિવાસી અધિક કલેકટરની શુભેચ્છા મુલાકાત દરમિયાન વડાપ્રધાન, મુખ્યમંત્રી, કલેકટરને ઉદ્દેશીને અગાઉની માંગણી અંતર્ગત તેમજ નવનિયુકત કલેકટરને સત્કારનો પત્ર આપી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સ્વાતંત્ર્ય સેનાનીના પરિવારો પ્રત્યેની કામગીરી, સંવેદના અને લાગણી વ્યકત કરવામાં આવી હતી. ઉપરોકત શુભેચ્છા મુલાકાતમાં અશ્વિનભાઇ વિઠ્ઠલાણી, સુશીલ ત્રિવેદી, નવિનભાઇ પૂજારા, વિપુલભાઇ માઢક, કાર્તિકભાઇ દવે, જયશ્રીબેન જોશી, હર્ષાબેન ગાંધી, ઉમાબેન દવે સહિતના સ્વાતંત્ર્ય સેનાનીઓના પરિવારના સભ્યો (વારસદારો) ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરના સિક્કા સ્થિત સુખનાથ મહાદેવ મંદિરમાં રૂ. ૫,૫૫,૫૫૫ની ચલણી નોટોનો અનોખો શણગાર!



જામનગર નજીક આવેલા સિક્કા ગામમાં, આશરે ૨૦૦ વર્ષ જૂનું અને અતિ પ્રાચીન સુખનાથ મહાદેવ મંદિર આવેલું છે, જે શ્રાવણ માસ દરમિયાન ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. આ મંદિરમાં ધર્મેન્દ્રપૂરી ધીરજપુરી ગોસ્વામી અને તેમનો પરિવાર છેલ્લા ચાર પેઢીથી સેવા પૂજા કરી રહ્યા છે. શ્રાવણ મહિનાના ચારેય.અહીં ભગવાન શિવના વિવિધ દર્શનોની ઝાંખી તૈયાર કરવામાં આવે છે.૫,૫૫,૫૫૫ની ચલણી નોટોથી શણગારવામાં આવ્યા.આ વર્ષે, સુખનાથ મહાદેવ મંદિરના સમગ્ર ગ્રુપ દ્વારા એક અત્યંત અનોખો અને વિશિષ્ટ શણગાર તૈયાર કરવામાં આવ્યો છે ભગવાનને ૫,૫૫,૫૫૫ની ચલણી નોટોથી શણગારવામાં આવ્યા છે. મંદિરના પૂજારી અને તેમની ટીમે આ શણગારની તૈયારી કરી હતી.સુખનાથ મહાદેવના આ દિવ્ય દર્શન કરી ધન્યતા અનુભવી.શિવલિંગને ૫૦૦ના દર ઉપરાંત ૨૦૦, ૧૦૦, ૫૦, ૨૦, ૧૦ અને ૫ રૂપિયાની નવી નકોર ચલણી નોટોના હાર સ્વરૂપે અને અલગ અલગ રીતે શણગારીને દિવ્ય દર્શનની ઝાંખી ઉભી કરવામાં આવી હતી. આ અનોખા દર્શનનો લ્હાવો લેવા માટે સિક્કા અને આસપાસના વિસ્તારમાં વસવાટ કરતા અનેક શિવભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને ભગવાન સુખનાથ મહાદેવના આ દિવ્ય સ્વરૂપના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રકારનો શણગાર ભક્તોમાં કુતૂહલ અને આસ્થા બંનેનો સંચાર કરી રહ્યો છે.

# હેલ્મેટના કાળા કાયદાનો વિરોધ કરતી આમ આદમી પાર્ટી



પોલીસ કમિશનરના ફતવાથી શહેરીજનો પરેશાનઃ આંદોલનની ચીમકી ઉચારતા કાર્યકરો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આમ આદમી પાર્ટીના પ્રમુખ દિનેશભાઈ જોષી તથા કાર્યકરી પાસ હેલ્મેટના કાળા કાયદાનો સખ્ત વિરોધ કરી છીએ. તા. ૮ સાટેમ્બરથી શહેરી વિસ્તારમાં હેલમેટ પહેરવી ફરજીયાત કરવાનો કૃતવો બહાર પાડયો છે. જે ખરેખર અન્યાયી અને રાજકોટના વાહન ચાલકો માટે અનેક મુશ્કેલી સમાન બની રહે છે.

રાજકોટની પ્રજાને હેલમેટના અન્યાયી અને કાળા કાયદાની ફરજીયાત અમલ કરાવશો તો આમ આદમી પાર્ટી દ્વારા આ કાળા કાયદાનો સખ્ત વિરોધ કરવામા આવશે અને જરૂર પડશે તો વિશાળ સંખ્યામાં પ્રવિનય કાનૂન ભંગ સહિતના કાર્યક્રમ આપશું

કાયદી લોકોની સુખાકારી માટે હોય પરંતુ હેલ્મેટનો કાળો કાયદો લોકોને અનેક મુશ્કેલીમાં મુકે તેવો છે. આથી હેલ્મેટનો કાળો કાયદો કરજીયાત બનાવવો વ્યાજબી નથી સામાન્ય મજુર વર્ગ દિવસ દરમિયાન કાળી મજુરી કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતો હોય છે તેની પાસેથી હેલ્મેટ ન પહેરવાના કારણે દંડ વસુલ કરવાની પોલીસની નિતિ યોગ્ય નથી

ભાવનગર અને કુવાડવા હાઇવે પરના ગ્રામ્ય વિસ્તારમાં ટ્રાફિક પોલીસ હારા હેરાનગતિ થતી હોવાથી ફરિયાદ ઉઠતા પોલીસ કમિશનર દ્વારા દંડની રકમ ઓછી ન થઇ જાય તે માટે શહેરી વિસ્તારમાં હેલ્મેટના કાયદા હેઠળ દંડ વસુલ કરવાનો ફતવો બહાર પાડયો છે. પોલીસ કમિશનરના ફતવાની આમ આદમી પાર્ટી દ્વારા વિરોધ કરીને સવિનય કાનૂન ભંગની લડત ચલાવશે.

પોલીસ કમિશનર વાસ ભારે વાહન પ્રવેશ પ્રતિબંધનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે આ જાહેરનામું માત્ર કાગળ પર જ હોય તેમ જણાય રહ્યું છે. જાહેરનામાનો ભંગ કરીને હનુમાન મઢી ચોકમાં ધસી આવેલા ડમ્પરે કોલેજીયન યુવતીને કચડી નાખી છે. પોલીસ કમિશનરના જાહેરનામાનો પ્રમાણિક રીતે અમલ કરાવવામાં આવ્યો હોત તો કોલેજીયન યુવતીએ જીવ ગુમાવવો પડયો ન હતો તે સૌ જાણે છે તેમ છતાં હજી ભારે વાહનની ૧૫૦ ફુટ રીંગ રોડ તેમજ માહેરી વિસ્તારમાં કરી રહ્યા છે. તે અટકાવી જાહેરનામાનો ચુસ્ત રીતે અમલ કરાવવાના બદલે હેલ્મેટના કાળા કાયદાને બાગળ ધરીને દંડ વસુલીને લોકોના ખિસ્સા ખંખેરી ભાજપ સરકારની.બિજોરીમાં દરરોજ લાખોની રકમ જમા કરાવી ભાજપના નેતાઓને વ્હાલા થવા માટે જ પોલીસ કમિશનર દ્વારા ફેલ્મેટનો કાયદો લાગુ કરવા અધિરા બન્યા હોય તેવું જણાય રહ્યું છે. શહેરના તમામ ચોકમાં ટ્રાફિક જામ થવાની સમસ્યા રોજીંદી હોવા છતા ટ્રાફિક પોલીસના જવાબદાર પોલીસ સ્ટાફ હાઇવે પર દંડ વસુલી કરે છે અને જયાં ખરેખર ટ્રાફિક પોલીસની જરૂર છે ત્યા ટ્રાફિક બ્રિગેડથી કામ ચલાવવામાં આવે છે. ટ્રાફિક જામ થાય છે તેવા તમામ ચોકમાં ટ્રાફિકના પોલીસ સ્ટાફને ફરજ પર નિયુકત કરવા અને તમામ ચોકમાં ડાબી સાઇડમાંથી વાહન સરળતાથી પસાર થઇ શકે તેવી વ્યવસ્થા ગોઠવવા આમ પાર્ટી દ્વારા માગ કરવામાં આવે છે.

# પોરબંદરમાં સગીરા પર ગેંગરેપના મુખ્ય આરોપીનું સરઘસ,હાથ જોડી માફી મંગાવી

એલસીબી ટીમે અમદાવાદથી ઝડપી લીધા બાદ રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજુ કરાશે



**મુખ્ય સમાચાર, પોરબંદર**

પોરબંદરમાં અઠવાડિયા પૂર્વે સગીરા પર થયેલ ગેંગરેપમાં મુખ્ય આરોપી ને એલ.સી.બી. ટીમે અમદાવાદ ખાતે થી ઝડપી લેતા પોલીસે આજે તેનું સરઘસ કાઢી જાહેર માં માફી મંગાવી હતી

પોરબંદરના જી.આઈ.ડી.સી. રેસીડેન્સીમાં રહેતા જયરાજ દિલીપ સુંડાવદરા નામના શખ્સે ગત તા.૨૨-૭ના રાત્રે સાડાબાર વાગ્યે સગીરા ને નાસ્તો કરવા નું કહી લલચાવી-ફોસલાવીને કારમાં લઈ ગયા બાદ જયરાજ ઉપરાંત મલ્હારસિંહ રઘુવીરસિંહ ચૌહાણ અને રાજુ લખમણભાઇ મુળીયાસિયા એ સગીરાને કોઈ કેફી પીણુ પીવડાવીને વનાણા પાસે આવેલા જયરાજ ના પિતા ના વૃન્દાવન પાર્ટીપ્લોટમાં લઇ જઈ સગીરા સાથે ક્રમશઃ દુષ્કર્મ આચર્યુ હતુ અને સગીરા ના હાથ તથા પગ માં સિગરેટના ડામ આપી ઈજા પહોંચાડી હતી ત્યાર બાદ પાર્ટી પ્લોટ ખાતેથી સગીરા ને મલ્હાર અને રાજ બંને સફારી કારમાં જ ચોપાટી

ખાતે લઇ ગયા હતા.ત્યાંથી મેરુ જેઠા સિંઘલ નામના શખ્સ ની કાળા રંગની કારમાં મેરુ,મલ્હાર અને રાજ સગીરાને ગામમાં લઈ ગયા હતા અને રાજે ભોગ બનનારને લીંબુપાણી પીવડાવ્યુ હતુ.ત્યાર બાદ ફરી ચોપાટી ખાતે લઇ ગયા બાદ સવારે સાડાચાર વાગ્યે બંને શખ્સો સગીરા ને કારમાં બેસાડીને તેના ઘર પાસે મૂકી ગયા હતા જે મામલે અગાઉ પોલીસે મલ્હારસિંહ ચૌહાણ અને મેરુ સિંઘલને ઝડપી લઇ જેલહવાલેકર્યા હતા

ત્યાર બાદ ત્રીજા આરોપી રાજુ લખમણ મુળીયાસીયાને ઝડપી લઇ બે દિવસ ના રિમાન્ડ પર લીધો છે અને મુખ્ય આરોપી જયરાજ ને એલ.સી.બી. ટીમે અમદાવાદ માંથી ઝડપી લઇ ઉદ્યોગનગર પોલીસ ને સોપતા પોલીસે તેને બનાવ ના સ્થળે લઈ જઈ સમગ્ર ઘટના નું રીકન્સ્ટ્રકશન પંચનામું કર્યુ હતું ત્યાર બાદ તેને નરસંગ ટેકરી વિસ્તાર માં લાવી સરઘસ કાઢી જાહેર માં બે હાથ જોડાવી માફી મંગાવી હતી

# બિગબજાર પાસે પીધેલા કારખાનેદારે ૯ વાહનચાલકોને હડફેટે લીધા

કાર ઉપર લોકોનો રોષપૂર્ણ પથ્થરમારો-તોડફોડઃ મહિલા તબીબ અને તેની પુત્રીને ગંભીર ઈજા થતા ખાનગી હોસ્પિટલમાં ખસેડાયાઃ કારચાલકની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં નશાખોર વાહન ચાલકે બીગ બજાર પાસે ૯ વાહનચાલકોને હડફેટે લેતા જનાક્રોશ ભભૂકી ઉઠયો હતો. રાજકોટના ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર આવેલા બિઞ બજાર પાસે પુરપાટ કારે મહિલા તબીબ અને તેની પુત્રી સહિત ૯ લોકોને ઠોકરે લેત નાસભાગ મચી ગઈ હતી બનાવના પગલે ઉશ્કેરાયેલા ટોળાએ કારમાં તોડફોડ કીર ચાલકને પકડી પોલીસને હવાલે કરતા માલવીયાનગર પોલીસે કાર ચાલકને અટકાયત કરી તેની સામે ગુનો નોંધવાની કાર્યવાહી કરી છે.

પોલીસ સુત્રોના જણાવ્યા પ્રમાણે બિગ બજાર પાસે સમી સાંજે બેકાબૂ કારે એકટીવા ચાલક મહિલા તબીબ અને તેની આઠ વર્ષની પુત્રી સહિત નવ વાહન ચાલકોને ઠોકરે લેતા અફડાતફડી મચી ગઈ હતી. બનાવના પગલે લોકોમાં નાશભાગ મચી ગઈ હતી જેથી કેટલાક લોકો ઉશ્કેરાયા હતા અને કાર ઉપર પથ્થરમારો કરી તોડફોડ કરી હતી અને બેકાબૂ કાર ડિવાઈડર સાથે અથડાઈ હતી. લોકોએ કાર ચાલકને પકડી લમધાર્યો હતો. બનાવની જાણ થતા માલવીયાનગર પોલીસ કાફલો પટના સ્થળે પહોંચી કાર ચાલકને અટકાયત કરી તપાસ કરતા કારની ઠોકરે ચડેલા મહિલા તબીબ અને તેની ઈજાગ્રસ્ત પુત્રીને ખાનગી હોસ્પિટલમાં ખસેડાઈ હતી. અન્ય લોકોને સામાન્ય ઈજા થઈ હોવાનું જાણવા મળ્યું છે મહિલા તબીબના પતિની ફરિયાદ પરથી પી.આઈ. દેશાઈએ તપાસ કરતા કારચાલક રૈયા રોડ પર રિધ્ધિ-સિધ્ધિ પાર્કમાં રહેતો અને શાપરમાં કારખાનુ ચલાવતો કેતન ગોરધનભાઈ ઠુંમર નશો કરેલી હાલતમાં હોવાનું બહાર આવતા પોલીસે તેની પરપકડ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.



# ગિરની દંતકથા સમાન જય અને વિરુની જોડી વિખૂટી પડી

## તેમના આત્માનો અવાજ જંગલમાં સદાય ગૂંજતો રહેશે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

એકાદ મહિના પહેલાં વીરુના અને આજે જયના અવસાન સાથે, ગીરની જય-વીરુની જોડી વિખરાઈ ગઈ. ગુજરાત સરકારના વનવિભાગના અધિકારીઓ અને પશુચિકિત્સકોના અથાગ પ્રયાસ પછી પણ જય-વીરુની જોડી તેમને થયેલી ઈજાઓમાંથી બહાર આવી શકી નહીં અને મૃત્યુને ભેટી. જયની સારવાર માટે વનતારાની ટીમ પણ ગીરમાં બે દિવસ રોકાઈ હતી, પરંતુ કમનસીબે તેઓ ઇચ્છીત પરીણામ મેળવી શક્યા નહીં.

અત્યંત ભારે હૃદય સાથે વન્યજીવપ્રેમી પરિમલ નથવાણીએ દુઃખ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, ''આજે જયના અવસાનથી ઘણું જ દુઃખ થઈ રહ્યું છે. ખૂબ જ લાંબી અને વિરતાપૂર્ણ લડાઈ બાદ, જય પણ આપણને છોડીને જતો રહ્યો. જય-વીરુની અદ્ભૂત જોડીની હાજરી જેણે માણી છે કે તેમના લગાવની વાતો સાંભળી છે તે દરેક વન્યજીવ પ્રેમી માટે આ વ્યક્તિગત ખોટ છે. આપણા માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ તેમની તાજેતરની ગીર મુલાકાત દરમિયાન જય અને વીરુની રાજસ્વી જોડીને નિહાળી હતી. તેમની ગેરહાજરીમાં ગીર હવે પહેલાં જેવું નહીં રહે. લીજેન્ડ્સ વિસરાઈ જાય, પરંતુ તેમણે જ્યાં સાથે મળીને રાજ કર્યું હતું તે જંગમાં તેમના આત્માનો અવાજ સદા ગૂંજતો રહેશે.''

ગીરના હૃદયમાં, જય અને વીરુની વાતોએ તમામને મંત્રમુગ્ધ કરી દીધા હતા. તેમની જોડી હિન્દી સિનેમા જગતની મશહૂર ફિલ્મ શોલેની આઈકોનિક જોડી સાથે સરખામણી પામે તેવી છે. આ ફિલ્મના પાત્રોની જેમ જ આ વાસ્તવિક જોડીએ પણ એક-મેકથી અલગ નહીં થવાની અને સદાય સાથે રહેવાની ભાવના દર્શાવતી હતી. ગીરના વન્યજીવ પ્રેમીઓ ગીરના જંગલની અજેય અને નિર્ભય જોડી જય અને વીરુના સાહસોની અનેક કથાઓ વાગોળે છે. ક્યારેક થતાં પ્રાસંગિક નાનાં-અમથાં ઝગડાઓ કે હૂંસાતૂંસીને બાદ કરતાં, તેમની જોડી અતૂટ રહી, જે તેમની એકબીજા પ્રત્યેની વફાદારીને દર્શાવે છે જેના કારણે તેઓ મલાણકા, કેનેડીપુર, નતળિયા, ઈટાડી, લીમધ્રા અને કાસીયામાં પોતાનું સામ્રાજ્ય ફેલાવી શક્યા.

ગીર હંમેશા દંતકથારૂપ જોડીનું અભયારણ્ય રહ્યું છે. જય અને વીરુ પહેલાં, આ જંગલમાં ધરમ-વીરની જોડી હતી, જેની ભાઈબંધીની ગાથા આજે પણ ગવાય છે.

# પતિના ત્રાસમાંથી પરપ્રાંતીય મહિલાને મુક્ત કરાવતી અભયમ ટીમ

## મહિલાનું કાઉન્સેલિંગ કરી સખી વન સ્ટોપ સેન્ટર ખાતે આશ્રય અપાવ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઘરેલુ ત્રાસ કે ભૂલી પડેલી મહિલાઓને મદદરૂપ બનતી ૧૮૧ - અભયમ ટીમ સતત સક્રિય રહી, પારિવારિક હૂંફ પુરી પાડી સમજણપૂર્વક તમામ કિસ્સામાં મહિલાઓને પડી રહેલી તકલીફમાંથી છુટકારો અપાવવામાં માર્ગદર્શક ભૂમિકા નિભાવી રહી છે.

હાલમાં રાજકોટના વિસ્તારમાંથી એક જાગૃત નાગરિક દ્વારા ૧૮૧ પર અભયમ મહિલા હેલ્પલાઇનમાં આવેલા ફોનમાં જણાવાયા મુજબ, એક અજાણી મહિલા નિ સહાય અમારા વિસ્તારમાં બેઠેલા છે, તેઓ ખુબ ચિંતામાં હોઈ તેમની મદદ માટે આપની જરૂર છે. અભયમને ફોન આવતા રાજકોટ મહિલા હેલ્પલાઇનના કાઉન્સેલર કાજલબેન

CALL 181 WOMEN HELPLINE
ADVICE • RESCUE • COUNSELING

પરમાર ટીમ સાથે ઘટના સ્થળે પહોંચ્યા હતાં.

ટીમ દ્વારા ચિંતિત મહિલા સાથે વાતચીત કરી પ્રાથમિક માહિતી મેળવવા પ્રયત્ન કર્યો હતો. પીડિત મહિલાએ માહિતી આપતા જણાવ્યું હતું કે, તેનું મૂળ વતન બિહાર રાજ્યમાં છે. ત્યાંના એક ગામમા તેમના લગ્ન થયેલ છે, જેને એક વર્ષ થયું છે. રોજગાર અર્થે ગુજરાત આવેલા તેમના પતિ સાથે તેઓ અહીં એક મહિનાથી રહે છે. પતિને નશો કરવાની ટેવ હોવાથી અવાર નવાર કેફી દ્રવ્યોનું સેવન કરીને ઘરે આવે છે. નાનીનાની વાતોમાં તેની સાથે મારકૂટ કરે છે. રોજેરોજ માનસિક શારીરિક ત્રાસ આપતા પતિથી કંટાળી ઘરેથી નીકળી ગયા હોવાનું પીડિતાએ જણાવ્યું હતું.

આ મહિલા બિહારના વતની હોવાથી ગુજરાતી ભાષા સમજી શકતા નહોતા, આથી હિન્દીમાં વાતચીત કરતા હતાં. ટીમ દ્વારા તેમના પરિવારના સભ્યના ફોન નંબર આપવા કહેતા ઘરના સભ્યોના ફોન નંબર પણ યાદ ન હોવાથી પરિવારજનો સાથે વાતચીત થઈ શકી નહીં. જયારે મહિલાને રંજાડતા પતિ પાસે જવું ન હોઈ તેણીને સુરક્ષિત જગ્યાએ લઈ જવા અભયમ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો હતો.

લાંબા ગાળાના કાઉન્સેલિંગની માહિતી આપી પીડિત મહિલાને સખી વન સ્ટોપ સેન્ટર ખાતે લઈ જઈ તેણીને હાલ આશ્રય આપવામાં આવ્યો છે. આવા અનેક કિસ્સામાં રાજકોટમા કાર્યરત ૧૮૧ અભયમ હેલ્પલાઇન મહિલાઓ માટે ખરા અર્થમાં આશીર્વાદરૂપ સાબિત થઇ રહી છે.

# કોટડાસાંગાણી તાલુકાના પડવલા ગામે રૂ.૨.૪૩ કરોડની સરકારી જમીન ખુલ્લી કરાવાઈ

## ૩૯૬૦ ચોરસ મીટર સરકારી જમીન પર ૧૧ વ્યક્તિઓએ કરેલા દબાણ હટાવતું જિલ્લા વહીવટી તંત્ર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણી તાલુકાના પડવલા ગામે ૧૧ વ્યક્તિઓએ ૩૯૬૦ ચોરસ મીટર સરકારી જમીન પર કરેલા દબાણ હટાવીને રૂ. ૨.૪૩ કરોડની સરકારી જમીન ખુલ્લી કરાવાઈ હતી





૨૯ જુલાઈના રોજ જિલ્લા કલેકટર ઓમ પ્રકાશના આદેશથી આસિસ્ટન્ટ કલેકટર મહક જૈનના માર્ગદર્શન હેઠળ કોટડાસાંગાણીના મામલતદાર ગુમાનસિંહ જાડેજા, પોલીસ ઈન્સ્પેકટર આર.બી.રાણા, સર્કલ ઓફીસર સંજયભાઈ રૈયાણી, રેવન્યુ તલાટી શ્રી એ.બી.બાવળીયા તથા પોલીસ, પી.જી.વી.સી.એલ. સ્ટાફ તથા બે જે.સી.બી. દ્વારા આ કામગીરી કરાઈ હતી.

પડવલા ગામે ૧૧ વ્યક્તિઓએ ઔદ્યોગિક તથા વાણિજ્ય હેતુસર ગેરકાયદેસર દબાણ કરેલ હોવાનું જણાતાં કલમ-૬૧ મુજબ કેસો ચલાવી, કલમ-૨૦૨ મુજબ નોટિસો આપી દબાણ દૂર કરવા જાણ કરવામાં આવેલ હતી. તેમ છતાં આસામીઓએ દબાણ દૂર કરેલ ન હોવાથી આજ રોજ તમામ ૧૧ વ્યક્તિઓએ કરેલું દબાણ દૂર કરવામાં આવેલ છે. આ દબાણવાળી જગ્યામાં શૈલેષભાઈ તથા જૈનિશભાઇ વણપરિયા, ધાર્મિકભાઈ વણપરિયા, જૈમીનભાઈ પટેલ, ભરતભાઈ તાલપરા, સંજયભાઈ લીંબાસીયા, ભાવેશભાઈ લીંબાસીયા, મનોજભાઈ ગામી, હર્ષિલભાઈ મહેતા, જયેશભાઈ શેખલીયા, સહદેવસિંહ જાડેજા તથા રમેશભાઈ ટારીયાએ દબાણ કરેલ હતું. જેનું ક્ષેત્રફળ આશરે ૩૯૬૦ ચો.મી. થાય છે, આ દબાણવાળી જમીનની આશરે કુલ બજાર કિંમત રૂપિયા ૨.૪૩ કરોડ ની હોવાનું મામલતદાર ગુમાનસિંહ જાડેજાની યાદીમાં જણાવાયું છે.

### ચોમાસાની ઋતુમાં નાગરિકોને વીજ પુરવઠો પૂરો પાડવા ટીમ પી.જી.વી.સી.એલ. કટિબદ્ધ

# રાજકોટ શહેરમાં બાવન ટીમનાં ૨૧૦ કર્મયોગીઓ દ્વારા ૯૪૦ કિ.મી.થી વધુની લાઈનનું સમારકામ કરાયું

## ફૂંકાતા પવન સાથે વરસતા વરસાદમાં પણ થાંભલે ચડીને શહેરમાં ઉજાસ પાથરતા વીજ કર્મયોગીઓ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને રાજકોટ શહેરમાં પી.જી.વી.સી.એલ.ની જુદી-જુદી બાવન ટીમો તેમજ ૨૧૦ જેટલા કર્મયોગીઓ દ્વારા ૯૪૦ કિમીથી વધુની લાઈનનું સમારકામ કર્યું છે.

સામાન્ય કે અતિભારે વરસાદ દરમિયાન પણ નાગરિકોને વીજ પુરવઠો મળતો રહે તે માટે વીજ વિભાગના કર્મચારીઓ ખડેપગે રહે છે.

વીજળી વગર ઘર કે ઓફિસમાં દિવસે પણ અંધારપટ છવાઈ જાય છે. ગૃહિણીઓ, કર્મચારીઓ, વેપારીઓ સહિત તમામની કામગીરી વીજળી વગર ઠપ્પ થઈ જાય છે. ત્યારે આ વ્યવસ્થા ખોરવાઈ નહીં તથા સામાન્ય નાગરિકોને વીજ પુરવઠા મેળવવામાં કોઈ ખલેલ ન પહોંચે તે માટે વીજ વિભાગના કર્મચારીઓ ફૂંકાતા પવન સાથે વરસતા વરસાદમાં પણ થાંભલે ચડીને શહેરમાં ઉજાસ પાથરવા દિવસ-રાત કટિબદ્ધ છે.

પી.જી.વી.સી.એલ. રાજકોટ શહેર વર્તુળ કચેરી દ્વારા ચોમાસાંની ઋતુને ધ્યાનમાં રાખીને શહેરમાં ભારે દબાણવાળી આશરે ૫૪૦ કિ.મી.ની લાઈનોનું સમારકામ, હળવા દબાણવાળી ૪૦૦ કિ.મી.ની લાઈનોનું સમારકામ તેમજ આશરે ૩૯૫૪ ટ્રાન્સફોર્મરનું સમારકામ હાથ ધરાઈ રહ્યું છે.

શહેરમાં નાગરિકોને ગુણવત્તાસભર વીજ પુરવઠો મળતો રહે તે માટે ૧૧ કે.વી.નાં ૩૨૭ ફીડરો પૈકી ૧૭૮ ફીડરોમાં સમારકામની કામગીરી પૂર્ણ કરાઈ છે. શહેરી વર્તુળ કચેરી દ્વારા શહેરના જુદા-જુદા વિસ્તારોમાં નડતરરૂપ ઝાડની ડાળીઓ કાપવી, જર્જરિત જમ્પરના સમારકામ, એ.બી. સ્વીચ સમારકામ, ઢીલા વાયરોનું રીસ્ટ્રીન્ગીંગ કરવું, જર્જરિત વાયર બદલવા, પિન ઈન્સ્યુલેટર અને ડીસ ઈન્સ્યુલેટર બદલવા તેમજ ગાર્ડીંગ અને રી-ગાર્ડીંગ કરવું સહિત વીજ પુરવઠાને લગતી કામગીરી કરવામાં આવી છે.

આ ઉપરાંત હળવા દબાણવાળી લાઈનના કામોમાં ડીપાર્ટમેન્ટલ સ્ટાફ તેમજ કોન્ટ્રકટરની ટીમો દ્વારા સંયુક્તરૂપે સંલગ્ન સબ ડિવિઝનના અધિકારીઓની સીધી દેખરેખ હેઠળ કામ કરવામાં આવ્યું છે. જેમાં સમારકામના દિવસે ડીપાર્ટમેન્ટની અંદાજીત ૨૦ ટીમ અને ૬૦ કર્મચારીઓ તેમજ કોન્ટ્રકટરની અંદાજીત ૧૫ ટીમ ૭૦ કર્મચારીઓએ નડતરરુપ ઝાડની ડાળીઓ કાપવી, એલ.ટી. એ.બી. કેબલ સ્ટ્રીંગીંગ અને નવા ડ્રોપર કરવા, એલ.ટી. કેબલ બદલવા, જર્જરિત અને ખુલ્લા ડિસ્ટ્રીબ્યુશન બોક્ષની જગ્યાએ નવા ડિસ્ટ્રીબ્યુશન બોક્ષ મુકવા, સર્કિટ કેબલ ફ્યુઝ સાથે બદલવા, બહુમાળી ઈમારતોનાં જર્જરિત વાયરીંગ સાથેના લોખંડની મીટર પેટીઓની બદલી સહિત કામગીરી કરાઈ રહી છે. જેમાં વીજ સલામતીયુક્ત વાયરીંગવાળુ બ્યુટીફીકેશન વર્ક તેમજ થાંભલા પર ચડેલા વેલા દુર કરવાની કામગીરીનો પણ સમાવેશ થાય છે.

આ ઉપરાંત ૩૯૫૪ ટ્રાન્સફોર્મરનાં સમારકામમાં ડીપાર્ટમેન્ટલ સ્ટાફ તેમજ કોન્ટ્રકટરની ટીમો દ્વારા સંયુક્ત રૂપે કામગીરી કરવામાં આવી હતી. જેમાં નડતરરૂપ ઝાડની ડાળીઓ કાપવી, ટ્રાન્સફોર્મર પરના જર્જરિત સ્ટડ બદલાવાની, નબળા જમ્પરનું સમારકામ, ટીસીના નબળા અર્થીંગનું સમારકામ કરી કાર્યક્ષમ અર્થીંગ બનાવવા, ટ્રાન્સફોર્મરની ફરતે આવેલી ફેન્સીંગની અંદરના ભાગે સફાઈની કામગીરી, વેલા દુર કરવાની કામગીરી સહિતના કામો કરાઈ રહ્યાં છે.

વીજ પુરવઠાને લગતી ફરિયાદો માટે ગ્રાહક કોલ સેન્ટર તેમજ સબ ડિવિઝન કચેરીઓ ખાતે ફોલ્ટ સેન્ટર પૂરતા સ્ટાફ સાથે ૨૪ કલાક ચાલુ રાખવામાં આવ્યા છે. અધિકારીઓ દ્વારા નિયમિત તેનું મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે. ગ્રાહકોને ગુણવત્તાસભર પાવર સતત મળતો રહે તે માટે મેનેજિંગ ડિરેક્ટરશ્રી કે.પી. જોષી સમયાંતરે આ કામગીરીની સમીક્ષા કરી ફિલ્ડમાં રહેલા અધિકારીઓ અને કર્મચારીઓને જરૂરી માર્ગદર્શન અને સુચના આપી રહ્યા છે, તેમજ મુખ્ય ઈજનેર (ટેક) પી.જે.મહેતા તેમજ મુખ્ય ઈજનેર (પ્રોજેકટ) આર. જે. વાળા દ્વારા પણ જરૂરી માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

આમ, શહેરમાં ગુણવત્તાસભર અવિરત વીજ પુરવઠો મળી રહે તે માટે ટીમ પી.જી.વી.સી.એલ. દ્વારા નિયમિત કામગીરી કરવામાં આવી રહી છે.

# Gujarat@75નો લોગો બનાવો, રૂ.૩ લાખનું ઈનામ જીતો

## ૧૪ ઓગસ્ટ સુધીમાં mygov.in પ્લેટફોર્મ પર લોગો ડીઝાઈન સબમીટ કરી શકાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વર્ષ ૨૦૩૫માં ગુજરાત રાજ્યની સ્થાપનાના ગૌરવશાળી ૭૫ વર્ષ પૂર્ણ થશે. જેની ઉજવણી માટે ગુજરાત સરકારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની આગેવાની હેઠળ mygov.in પ્લેટફોર્મ પર રાષ્ટ્રીય સ્તરે લોગો ડીઝાઈન સ્પર્ધાનું આયોજન કર્યું છે. આ સ્પર્ધાનો શુભ આશય રાજ્યના આર્થિક નેતૃત્વ, ટેકનોલોજીકલ પ્રગતિ, સાંસ્કૃતિક પ્રભુતા અને લોકકેન્દ્રિત શાસનને ઉજાગર કરવાનો છે.

સર્જનની અભિવ્યક્તિના આગવા અવસર સમાન લોગો ડીઝાઈનની આ રાષ્ટ્રીય સ્પર્ધામાં દેશભરમાંથી નાગરિકો પોતે ડીઝાઈન કરેલો લોગો આગામી તા. ૧૪ ઓગસ્ટ સુધીમાં https://www.mygov.in/task/gujarat75-years-logo-competition/ લિંક પર સબમીટ કરી શકશે. સ્પર્ધાના નિયમો mygov.in પર ઉપલબ્ધ છે.

મહત્વનું છે કે ગુજરાતની સમૃદ્ધ સંસ્કૃતિ, ગૌરવશાળી ઈતિહાસ અને અદભુત વારસા સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતના વાઈબ્રન્ટ વિકાસની અભિવ્યક્તિ લોગોમાં રજૂ કરી શકાશે. આ રાષ્ટ્રીય સ્પર્ધામાં પસંદગી પામનારા લોગોને રૂ. ૦૩ લાખનો પુરસ્કાર તથા પ્રથમ ૦૫ સ્પર્ધકોને મુખ્યમંત્રીના હસ્તે સર્ટિફિકેટ અપાશે.

આ સ્પર્ધાના માધ્યમથી નાગરિકો ગુજરાતના વારસા, પરંપરા અને સંસ્કૃતિ સાથે જોડાઈ શકશે, વિજેતા લોગો Gujarat@75 માટે આગવી ઓળખ બની રહેશે. ત્યારે ગુજરાત@75 વાઈબ્રન્ટ હેરીટેજ, વિઝનરી ફ્યુચરની થીમ સાથે આયોજિત ગુજરાત@75 લોગો સ્પર્ધામાં રાજકોટ જિલ્લાની જનતાએ સહભાગી થવા રાજ્ય સરકાર દ્વારા ખાસ અનુરોધ કરાયો છે.

# રાજકોટમાં વૈદ્ય સભાની સામાન્ય સભા યોજાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ વૈદ્ય સભાની સામાન્ય સભા પ્રમુખ વૈદ્ય એચ. એલ. મંડિરના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં આયુર્વેદના મુદ્દાઓ વિશે ચર્ચા કરવામાં આવી હતી. આ તકે વિશેષ યોગદાન આપનારા જૂના સભ્યોને ફરીથી સક્રિય કરવા, વિવિધ પ્રકારના પગલાં લેવા, નવા સભ્યોને જોડવા માટે આયોજનબદ્ધ આગળ વધવું તથા વિદ્યાર્થીઓને ઉપયોગી પ્રવૃત્તિઓ કરવી, તેવા નિર્ણયો લઈને ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

રાજકોટ વૈદ્ય સભા પરિવારના સભ્ય કે જેઓ ગુજરાત સરકારના આયુષ, વિભાગના રેગ્યુલર નિયામક તરીકે પ્રમોશન મેળવેલ છે એવા વૈદ્ય જયેશભાઈ પરમાર, ગુજરાત આયુર્વેદિક બોર્ડના ચેરમેન અને કારોબારી સભ્ય એવા વૈદ્ય સંજયભાઈ જીવરાજાની અને નેચરોપેથી નિષ્ણાત અકબરભાઈ પટેલનું સન્માન કરવામાં આવ્યું વૈદ્ય સભાના મંત્રી વૈદ્દ ભાનુભાઈ મેતા તથા તમામ કારોબારી સભ્યોની જહેમતને કારણે આ કાર્યક્રમ ખૂબ સફળ રહ્યો હતો. ઉપસ્થિત તમામ વૈદ્યોએ ઉત્તમ આયોજન બદલ આયોજકોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા, તેમ નેચરોપેથી નિષ્ણાત અકબરભાઈ પટેલની યાદીમાં જણાવાયું છે.

# લોકમેળામાં બાકી રહેલા સ્ટોલ મેળવવા માટેની મુદતમાં બે દિવસનો વધારો

## 30 અને 31 જુલાઈ સુધી સ્ટોલ/પ્લોટ મેળવવા માટેના ફોર્મ ભરીને પરત આપી શકાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકમેળા સમિતિ દ્વારા રાજકોટ શહેરમાં રેસકોર્ષ મેદાન ખાતે તા.૧૪/૦૮/૨૫ થી તા.૧૮/૦૮/૨૫ દરમ્યાન યોજાનારા લોકમેળામાં બાકી રહી ગયેલા સ્ટોલ/પ્લોટ મેળવવા માટેની મુદતમાં બે દિવસનો વધારો કરાયેલ છે. જે મુજબ કેટેગરી A (ખાણીપીણી મોટી) અને કેટેગરી-B1 કોર્નર (ખાણીપીણી) ના સ્ટોલ/પ્લોટ માટેની હરરાજી તથા કેટેગરી-X (આઈસ્ક્રીમ) કેટેગરી-B (બી-રમકડા)ના સ્ટોલ/પ્લોટ માટેના ડ્રો માટે નવા ફોર્મ ભરવા ઈચ્છુક તથા અગાઉ ફોર્મ પરત કરવા રહી ગયેલ હોય, તેઓ તા.૩૦/૦૭/૨૦૨૫ તથા તા.૩૧/૦૭/૨૦૨૫ ના રોજ કચેરી સમય દરમ્યાન ફોર્મ મેળવી તથા ભરીને પરત આપી શકશે. ઉપરોકત કેટેગરીમાં વહીવટી અનુકુળતા મુજબ ફેરફાર કરી શકાશે, તેની તમામ સબંધકર્તાઓએ નોંધ લેવા લોકમેળા અમલીકરણ સમિતિ અને નાયબ કલેકટર રાજકોટ(શહેર-૧)ની યાદીમાં જણાવાયું છે.

# બેડી ચોકડી પાસે ૪.૧૩ લાખના દારૂ ભરેલી કાર સાથે ઓટો બ્રોકર ઝડપાયો

## ૭૯૮ બોટલ દારૂ અને કાર મળી કુલ ૧૯.૩૩ લાખનો મુદ્દામાલ જપ્ત




**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના બેડી ચોકડી પાસે ક્રાઈમ બ્રાંચની ટીમે દારૂ ભરેલી સ્કોર્પિયો સાથે ડ્રાયવરની ધરપકડ કરી રૂા.૪.૧૩ લાખની કિંમતની ૭૯૮ બોટલ વિદેશી દારૂ સહિત રૂા.૧૯.૩૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. દારૂનો જથ્થો લેવા મોકલનાર હુડકોને બુટલેગર અને દારૂનો જથ્થો ભરી આપનાર સપ્લ-ાયરના નામ ખુલતા બન્નેની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

આ અંગેની મળતી વિગતો મુજબ, શહેરના બેડી ચોકડી પાસેથી દારૂ ભરેલી કાર પસાર થવાની હોવાની બાતમી ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ વી.ડી.ડોડીયાની ટીમના દીલીપભાઈ બોરીચા અને જયરાજસિંહ કોટીલાને મળી હતી. જેના આધારે વોચ ગોઠવવામાં આવી હોય જુના જકાતનાકા પાસે જીજ-૩પીજે-૦૦૭૭ નંબરની સ્કોર્પિયોને અટકાવવામાં આવી હતી. આ સ્કોર્પિયોની તલાસી લેતાં તેમાંથી રૂા.૪.૧૩ લાખની કિંમતની ૭૯૮ બોટલ વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. આ દારૂનો જથ્થો કારની વચ્ચેની સિટની પાછળ છુપાવવામાં આવ્યો હતો. કાર અને દારૂ સહિત રૂ.૧૯.૩૩ લાખનો મુદ્દામાલ કબજે કરી શહેરના કોઠારીયા રોડ પર ભોજલરામ સોસાયટીમાં રહેતાં અને કાર લે વેચનો ધંધો કરતાં ઓટો બ્રોકર સોહિલ સલીમભાઈ પલેજાની ધરપકડ કરવામાં આવી હતી. જેની પુછપરછમાં આ દારૂનો જથ્થો હુડકો કવાટર્સમાં રહેતા ડેનીશ અશ્વિનભાઈ પરમારે મંગાવ્યો હતો અને આ દારૂનો જથ્થો ડેનીશના મિત્ર લાલાએ ભરી આપ્યો હતો. જે લઈને તે આપવા જતો હતો તે પૂર્વે ક્રાઈમ બ્રાંચના હાથે ઝડપાઈ ગયો હતો.

# પરાપીપળીયામાં સસરાએ છુટાછેડા માટે ૧૦ લાખ માંગતા યુવાને કર્યો આપઘાતનો પ્રયાસ

## પાંચ મહિના પહેલા જ પરણીને આવેલી પત્ની અવાર-નવાર ઝઘડા કરતી હોવાનો આરોપ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના જામનગર રોડ પર પરાપીપળીયામાં રહેતા અને પાંચ મહિના પહેલા પરિણેલા યુવાને ફિનાલઈ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પત્ની અવર નવાર ઝઘડા કરતી હોવાથી છૂટાછેડાનુ કહેતા સસરાએ છૂટાછેડા માટે ૧૦ લાખની માંગણી કરતા તેણે આ પગલું ભરી લીધુ હતુ.

જાણવા મળતી વિગત મુજબ પરાપીપળીયા ગામે આવેલી એકતા સોસાયટીમાં રહેતા જયેશ વિનોદભાઈ ગોહેલ (ઉવ.૨૬)નામના યુવાને સવારે તેના ઘરની પાછળ આવેલા ગાઉન્ડમાં ફિનાઇલ પી આપઘાતનો પ્રયાસ કરી લેતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસમાં જયેશ ઈમીટેશનનુ કામ કરે છે. તેના લગ્ન પાંચ મહિના પહેલા થયા છે. પત્ની ટવીંકલ અવાર નવાર ઘરમાં ઝઘડા કરતી હોય જેથી છૂટાછેડા લેવાનુ કહેતા તેના સસરાએ ૧૦ લાખ આપતો છૂટાછેડા કરી દઉ તેમ કહેતા યુવાને આ પગલુ ભરી લીધાનું જાણવા મળ્યુ છે. આ અંગે ગાંધીગ્રામ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# મગફળીના ઉભા પાકમાં સંકલિત રોગ વ્યવસ્થાપન અંગે જરૂરી સૂચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ખેડૂતોએ મગફળીના ઉભા પાકમાં સંકલિત રોગ વ્યવસ્થા માટે જરૂરી બાબતોનું ધ્યાન રાખવા ખેતીવાડી અધિકારી દ્વારા સુચના આપવામાં આવે છે. મગફળીમાં થડનો કોહવારો, ડોડવાનો સડો (સ્ટેમ રોટ) અને સફેદ ફૂગના નિયંત્રણ માટે ઉભા પાકમાં રોગિષ્ટ છોડ દેખાય કે તરત જ ઉપાડી ત્યાં બહારથી માટી લાવી ફુગ ઢંકાઈ જાય તે રીતે નાંખવી અને પગથી જમીન દબાવી દેવી. ટ્રાયકોડર્મા હારજીયાનમ આધારીત ૨.૫ કિલો પાવડરને ૨.૫ કિલો રેતીમાં ભેળવી વાવેતરના એક માસ બાદ થડ પાસે આપી, પિયત આપવું.

સફેદ ફૂગના નિયંત્રણ માટે મગફળીના વાવેતર બાદ સમાર મારવો અને પાળા ચડાવવા નહી. વધારે પડતી આંતરખેડ ન કરવી. ટપકાના રોગથી પાન ખરી પડે તો સફેદ ફુગને ખોરાક મળે છે અને આ રોગ વધે છે. ટપકાને કારણે પાક પાકતા પહેલા પાન ખરી ન પડે તે માટે જરૂરી દવાઓનો છંટકાવ કરવો. થડનો કોહવારો અને ડોડવાનો સડો (સ્ટેમ રોટ)ના નિયંત્રણ માટે જો ટ્રાયકોડર્મા કલ્ચર વાવણી સમયે ચાસમાં આપી શકાયેલ ન હોય તો વાવણી બાદ ૩૦ દિવસે પંપમાં ૫૦ ગ્રામ પ્રમાણે (પંપમાં નોઝલ કાઢી) છોડના મૂળની આસપાસ રેડી શકાય. લીમડાનાં તાજા પાનનો અથવા લીંબોળીનાં અર્કના ૧ ટકાનાં દ્રાવણનો ૩૦, ૫૦ અને ૭૦ દિવસે છંટકાવ કરવાથી પાનનાં ટપકાંનું અને ગેરૂ રોગનું નિયંત્રણ કરી શકાય છે.

મગફળીમાં અગ્રકલિકાનો સુકારો રોગ થ્રીપ્સ મારફતે ફેલાતો હોવાથી શોષક પ્રકારની કીટનાશક દવાઓનો જરૂર મુજબ છંટકાવ કરવો. ઊભા પાકમાં મૂળનો સડો થતો અટકાવવા માટે જરૂર જણાયે પૂરતા પ્રમાણમાં પાણી આપવું. મગફળીમાં આલ્ફરોટના વ્યવસ્થાપન માટે ઉભા પાકમાં આંતરખેડ અને નિંદામણ કરતી વખતે તેમજ મગફળી ઉપાડતી વખતે ડોડવાને ઈજા ન થાય તેની સાવચેતી રાખવી. આલ્ફરોટ રોગના નિયંત્રણ માટે કાપણીની અવસ્થાએ જો ભેજની ઉણપ હોય તો છેલ્લા ૨૦-૨૫ દિવસ હળવું પિયત આપવું. મગફળીના ડોડવા અને દાણામાં ૮ ટકાથી ઓછો ભેજ રહે તે મુજબ સુકવીને ભેજમુક્ત જગ્યાએ સંગ્રહ કરવો. પાકમાં સ્થાનિક જીવાતો (એન્ડેમિક પેસ્ટ)નો વધુ ઉપદ્રવ જણાયેથી કાર્યક્ષેત્રને લગત સંબધિત કૃષિ યુનિવર્સીટી દ્વારા ભલામણ કરેલ રાસાયણિક જંતુનાશક દવાઓનો જરૂરિયાત તેમજ ભલામણ મુજબ ઉપયોગ કરવો. વધુમાં, જંતુનાશક દવાના વપરાશ વખતે દવા ઉપર આપવામાં આવેલ લેબલ મુજબ જે તે પાક માટે, આપવામાં આવેલ ડોઝ અને જે તે રોગ/ જીવાત માટેની દવા છે તે ભલામણ મુજબ સંકલિત જીવાત વ્યવસ્થાપનના ભાગરૂપે તબક્કાવાર અનુસરવા જણાવવામાં આવે છે.

આ અંગે વધુ જાણકારી માટે સંબંધિત વિસ્તારના ગ્રામસેવક /વિસ્તરણ અધિકારી/ ખેતી અધિકારી તાલુકા અમલીકરણ અધિકારી/ મદદનીશ ખેતી નિયામક/ જિલ્લા ખેતીવાડી અધિકારી/ નાયબ ખેતી નિયામક (વિસ્તરણ)/નાયબ ખેતી નિયામક (તાલીમ)નો સંપર્ક કરવો. તેમ રાજકોટ જિલ્લા પંચાયતના ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવાયું છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રતનપરમાં ફ્લેવરવાળો દેશી દારૂ બનાવતી મીની ફેક્ટરી ઝડપાઇ





દારૂ બનાવવાની ફેક્ટરી ઘણા લાંબા સમયુથી ધમધમી રહી હતી

## તુરો દારૂ પીને પ્યાસીઓ કંટાળ્યા હોય એસન્સ મીક્સ કરી સ્વાદિષ્ટ દારૂ તૈયાર કરાતો'તોઃ ક્રાઈમ બ્રાન્ચે બેને પકડયા, બે ફરાર, ૫૫૨ લીટર દેશી દારૂ, ઓરેન્જ ફ્લેવરનું એસન્સ સહિતનો મુદ્દામાલ કબજે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં દેશી દારૂ બનાવવાની ફેક્ટરી રતનપરમાં ધમધમી રહી હોય ક્રાઈમ બ્રાન્ચે દરોડો પાડીને બે શખસોને પકડી લીધા હતા જ્યારે બેની શોધખોળ શરૂ કરાઈ છે. અહીં ઓરેન્જ ફ્લેવરનો ધમધમતી દેશી દારૂમાં ઓરેન્જ ફ્લેવરનું એસન્સ મીક્સ કરીને પાઉચમાં પેકિંગ કરવાની ફેક્ટરી પર દરોડો પાડીને માનસીંગ હરેશભાઈ રીબડિયા અને રવિ ચંદ્રશેખર મંડલને પકડી પાડયા હતા. આ ફેક્ટરીનું સંચાલન કેવલ ઉર્ફે કાનોઅને પરેશ સનુરા સંભાળતા હોવાનું ધ્યાન પર આવ્યું હતું પરંતુ આ બન્ને હાથમાં ન આવતા શોધખોળ શરૂ કરાઈ હતી.

આ અંગેની માહિતી મુજબ ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ વી.ડી.ડોડિયાએ હેડ કોન્સ્ટેબલ દિલીપ બોરીચા, દીપક ચૌહાણ, કોન્સ્ટેબલ વિશાલ દવે સહિતની ટીમે રાજકોટ-મોરબી હાઈ-વે પર રતનપર ગામે રામ મંદિર પાછળ આવેલા મકાનમાં

પોલીસે સ્થળ પરથી ૫૫૨ લીટર દેશી દારૂ, એસેન્સ ભરેલો પાંચ લીટરનો કેરબો, પ્લાસ્ટિક પાઉચ બનાવવાના રોલ સહિત કુલ ૩.૨૪ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ ટોળકી દેશી દારૂને અહીં લાવતી અને તેમાં ઓરેન્જ ફ્લેવરનું એસન્સ મીક્સ કરી પાઉચ પેકિંગમાં તૈયાર કરી પ્યાસીઓને વેચતી હોવાનું તપાસમાં ખુલ્યું હતું.

# જેતપુરના ઓટો બ્રોકર પાસે ૨૨ લાખની ઉઘરાણી કરી વ્યાજખોરે મકાન પડાવી લીધું

## મકાન ખાલી કરી દેવા દબાણ કરતા વ્યાજખોર વિરૂધ્ધ જેતપુર સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ




**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુરના ઓટો બ્રોકરને વ્યાજે રૂપિયા લેવા મોંઘા પડયા છે. જૂની ગાડીઓની લે-વેંચ કરતા વેપારીએ રૂ.૧૦ લાખ ૨.૭૫ ટ વ્યાજે લીધા બાદ વ્યાજખોરે મકાનનો દસ્તાવેજ કરાવી લીધો હતો. વેપારીએ કટકે કટકે બેંક મારફતે અઢી લાખ ચૂકવ્યા હતા. છતાં વધુ રૂ.૨૨ લાખની ઉઘરાણી કરી મકાન ખાલી કરી દેવા દબાણ કરતા વ્યાજખોર વિરૂદ્ધ જેતપુર સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈછે

મૂળ જેતપુરના બાપુની વાડી વિસ્તારના વતની અને હાલ સુરતના કામરેજમાં રહેતા ૪૫ વર્ષીય વેપારી ઈરસાદભાઈ કાળુભાઈ પઠાણે જેતપુર સીટી પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં વ્યાજખોર તરીકે અલ્પેશ ઉર્ફે ટોનુ નવિનચંદ્ર જયસ્વાલનું નામ આપતાં જણાવ્યું હતું કે, ધંધા અર્થ ૨૦૨૨ના ફેબ્રુઆરીમાં રૂપિયા દસ લાખની જરૂરત પડતા ટ્રાવેલ્સનો ધંધો કરતા ઓળખીતા અલ્પેશ ઉર્ફે ટોનુ નવીનચંદ્ર જયસ્વાલ (રહે.અમરનગર રોડ, આલ્ફા સ્કુલ સામે, જેતપુર)ને વાત કરેલ ટોનુભાઈએ તમારા ૨.૭૫ ટકા વ્યાજ લઈશ તેમ જણાવ્યું હતું અને તમારે મને જામીનગીરી પેટે કંઇક આપવું પડશે તેમ વાત કરેલ હતી.

ફરીયાદીને પૈસાની જરૂરિયાત હોય જેથી તેઓએ હા પાડી જેતપુર બાપુની વાડીમાં તેમની માતા જેતુનબેન અગવાન નામનુ મકાન છે, જે મકાનમાં તેઓ રહેતા હોય તે મકાનનો દસ્તાવેજ ટોનુની પત્ની સુધાબેનના નામે કરી આપેલ હતો. ટોનુએ તેમની માતાના બેંક એકાઉન્ટમાં રૂ.૮.૧૨ લાખ ટ્રાન્સફર કરેલ હતા જયારે બાકીના રૂ. ૧.૮૮ લાખ રોકડા આપેલ હતા.

બાદમાં ટોનુએ કહેલ કે, હવે મારી પાસે ચેસીસ નથી અને તમે મારૂ મકાન ખાલી કરી આપો નહિતર મને વ્યાજ સહિતની રૂ. ૨૨ લાખ આપી દો તેમ વાત કહી સતત સતામણી કરતા હતા. ટોનુને જામીનગીરી પેટે આપેલ મકાનમાં માતા-પિતા તથા મારી બહેન

રેશમા, બનેવી હુશેનભાઈ હાલ રહે છે તે ખાલી કરવાનું કહેતા હોય અને ટોનુએ પી.જી.વી.સી.એલ.માં અરજી કરીને મારા મકાનમાંથી વીજ મીટર કઢાવી નાખી વ્યાજની ઉઘરાણી કરી મોબાઈલ ફોનમાં મારા ભાઈને ગાળો આપી હતી.

જે બાદ રૂ. ૧૦ લાખ વ્યાજે આપી બદલામાં મકાનનો દસ્તાવેજ કરાવી લેનાર અને બસની ચેસીસ પડાવી લીધા બાદ પણ રૂ. ૨૨ લાખની ઉઘરાણી કરી સતામણી કરતા વ્યાજખોર વિરુદ્ધ ફરિયાદ આપતાં જેતપુર સીટી પોલીસની ટીમે ગુજરાત મની લેન્ડ એક્ટ હેઠળ ગુનો નોંધી અલ્પેશ ઉર્ફે ટોનુ જયસ્વાલ સામે કાર્યવાહી શરૂ કરી હતી.

# શહેરમાં ભારે વાહનો પર પ્રતિબંધનું જાહેરનામુંઃ બપોરે ૪ કલાક મુક્તિ

## ભારે, નાના માલવાહક વાહનોને સવારે ૬થી રાત્રે ૯ સુધી પ્રવેશબંધ પેટ્રોલ, ડિઝલ સહિતના આવશ્યક ચીજ વસ્તુવાળા વાહનોને બપોરે છૂટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં મહાપાલિકા વિસ્તારમાં ભારેથી નાના માલવાહક વાહનો (ત્રણ ટનથી વધુ વજન વહન કરનારા)ને સવારે છથી રાત્રે નવ ઘણા ખરા વિસ્તારો, માર્ગો પર પરિવહનની આંશિક છૂટછાટો સાથેનું પોલીસ કમિશનર દ્વારા જાહેરનામુ બહાર પડાયું છે.

રેસકોર્સ રીંગ રોડ બહુમાળી ભવન ચોકથી જિલ્લા પંચાયત ચોક સુધીના રોડ પર સવારે પાંચથી રાત્રીના ૧૨ વાગ્યા સુધી ભારે, નાના માલવાહક વાહનોને પ્રતિબંધ રહેશે. માધાપર ચોકડીથી પુનિતનગર પાણીના ટાંકા સુધીના માર્ગ પર સવારે ૭થી બપોરે ૨ તથા સાંજના ૫થી રાત્રે ૯ સુધી પ્રવેશબંધી રહેશે. દિવસ દરમિયાન બપોરે બેથી પાંચ સુધી ત્રણ કલાક મુક્તિ રહેશે.

પેટ્રોલ, ડિઝલ, કેરોસીન, એલપીજી, સીએનજી, પાણી વિતરણ કરતા વાહનોને બપોરે ૧૧-૩૦થી ચાર કલાક ૩-૩૦ વાગ્યા સુધી મુક્તિ રહેશે. જયારે દુધ, ફુટની હેરાફેરી કરતા વાહનો પર પ્રતિબંધ રહેશે નહી. ઢેબર રોડ સાઉથ અટીકા એરિયામાં બપોરે ૧થી ૪ મવડી રેલવે ફાટકથી આનંદ બંગલા સુધી મણીનગર ઉમાકાંત પંડિત ઔદ્યોગિક વિસ્તારમાં પણ બપોરે ૧થી ૪ સુધી વાહનોને પરિવહનની છૂટ મળી છે. ગોંડલ રોડ બાયપાસ સર્કલથી ગોંડલ રોડ જુના જકાતનાકા સુધીમાં ગેરેજ વિસ્તાર હોવાથી ૨૪ કલાક મુક્તિ રહેશે.

આવી જ રીતે આજીડેમ બાયપાસ રોડથી અમુલ સર્કલથી ચંપકભાઈ વોરા બ્રીજ સોરઠીયાવાડી સર્કલ સુધીનો ૮૦ ફુટ રોડ પર ૨૪ કલાક વાહનોના આવ-ગમન માટે છૂટ રહેશે. માધાપર ચાર રસ્તા જામનગર રોડથી જૂના જકાતનાકા આઈ. ઓ.સી. ડેપો અને રેલવે યાર્ડ સુધી માલના આવગમન જરૂરી બીલ પુરાવા સાથે થઈ શકશે. શહેરના પ્રથમ રીંગ રોડ પર ભારે વાહનો, નાના માલવાહક વાહનોને ગોંડલ રોડ ચોકડીથી જામનગર જવા માટે નવો રીંગ રોડ પર તેમજ માધાપર ચોકડીથી ઘંટેશ્વર ટી પોઈન્ટથી નવા રીંગરોડ પર કટારીયા ચોકડી, ૮૦ ફુટ રોડ, પુનિતનગર પાણીના ટાંકાથી ગોંડલ રોડ ચોકડી તરફ જઈ શકશે.

પોલીસનું જાહેરનામુ પ્રસિધ્ધ થયુ છે પણ ત્રણ ટનથી વધુ વજન પરિવહન વાળા વાહનોને પ્રતિબંધ છે પણ વજન કરશે કરાવશે કોણ?

# રિસામણે આવેલી પત્નીને તેડવા આવેલા પતિનો આપઘાતનો પ્રયાસ

## પત્નીએ આવવાની ના પાડતા ગોંડલના યુવાને રેસકોર્ષમાં જઇ ફિનાઇલ ગટગટાવ્યુંઃ શ્યામકિરણ સોસાયટીમાં યુવતીએ ફિનાઇલ પીધું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલમાં રહેતા યુવાને રાજકોટમાં રેસકોર્ષમાં ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતા તેને સારવારમા ખસેડાયો છે. તેની પત્ની ઝઘડો કરી રાજકોટ માવતરે આવી ગઇ હોય જેથી તે પત્નીને તેડવા આવ્યો હતો. પરંતુ પત્નીએ આવવાની ના પાડી દેતા તેણે આ પગલુ ભરી લીધાનુ જાણવા મળ્યુ છે.

જાણવા મળતી વિગત મુજબ ગોંડલમાં જેલચોક પાસે કૈલાશબાગ શેરી નં.૯માં રહેતા મીત રાજેશભાઈ હુમ્મર(ઉવ.૨૭)નામના યુવાને આજે સવારે રેસકોર્ષમાં આવેલા બાલભવન પાસે ફિનાઇલ ગટગટાવી લેતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. જયા તેને જણાવ્યા મુજબ તેની પત્ની દેવાંશી ગઇકાલે સાસુ સાથે ઝઘડો કરી રાજકોટમાં લક્ષ્મીવાડીમાં રહેતા તેના માવતરે આવી ગઇ હોય જેથી તેને તેડવા માટે રાજકોટ આવ્યો હતો. પરંતુ પત્નીએ સાસરીયે આવવાની ના પાડી દેતા તેને લાગી આવવાથી આ પગલુ ભરી લીધાનુ જાણવા મળેલ છે. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી પ્રનગર પોલીસને જાણ કરી હતી.

બીજા બનાવ માં આજીડેમ ચોકડી નજીક આવેલી શ્યામકિરણ સોસાયટીમાં રહેતી પારુલ જેન્તીભાઈ રાઠોડ (ઉવ.૨૧) નામની યુવતીએ બપોરે પોતાના ઘરે અગમ્ય કારણોસર ફિનાઇલ પી લેતા તેણીને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. આ અંગે આજીડેમ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# સગીરાને પ્રેમજાળમાં ફસાવી મરવા મજબુર કરનાર આરોપીને દબોચી લેતી જૂનાગઢ પોલીસ

**મુખ્ય સમાચાર, જુનાગઢ**

સગીર વયની એક દિકરીને પ્રેમજાળમાં ફસાવી, મરવા મજબુર કરનાર નરાધમ આરોપીને જુનાગઢ એ ડિવિઝન પોલીસે તાત્કાલીક દબોચી લઇ, આરોપી શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ, ગત તા.૨૮/૦૭/૨૦૨૫ ના રોજ શહેરના પ્રદીપ ખાડીયા વિસ્તારમાં રહેતો શખ્સ નયન દિનેશભાઈ સોલંકી (ઉ.વ.-૨૪) ભોગ બનનાર એક સગીર વયની દિકરીને - લલચાવી પોતાની પ્રેમજાળમાં ફસાવી, - અપહરણ કરી, ભગાડી લઇ જઇ, ભોગ બનનાર સગીરાને મરવા માટે મજબુર કરેલ હોવાનો બનાવ બનેલ. જે બાબતે એ.ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે બી.એન.એસ.૨૦૨૩ ની કલમ ૧૦૮, ૧૩૭ (૨), ૮૭ કલમ અંતર્ગત ફરીયાદ દાખલ થયેલ હતી.



જે અનુસંધાને જુનાગઢ જીલ્લા પોલીસ -અધિક્ષક સુબોધ ઓડેદરા તથા જુનાગઢ ૧ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક હિતેષ - ધાંધલીયા એ ગુન્હામાં સંડોવાયેલ આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ - હોય, જેથી ''એ'' ડીવીઝન પોલીસ ઈન્સપેકટર આર.કે. પરમાર એ આ બનાવની ગંભીરતાને ધ્યાને લઈ આરોપીને સત્વરે પકડી પાડવા ગુના નીવારણ સ્કોડના પો.સ્ટાફને સુચના કરેલ. જે દરમિયાન પોલીસને મળેલ બાતમી હકીકતના આધારે આરોપીના રહેણાંક મકાને તપાસ કરતા આરોપી નયન સોલંકી મળી આવતા પોલીસે તેની અટક કરી આગળની તપાસ પા . સ બ . ઇ ન્ સ બી.એમ.વાઘમસી કરતા હોય વધુ કાર્યવાહી માટે આરોપીને સોપી આપેલ હતો.

આ કામગીરીમાં એ.ડીવી. પો.ઈન્સ. આર.કે. પરમાર તથા પો.સબ.ઈન્સ. બી.એમ.વાઘમસીની સાથે એ.એસ.આઇ. બી.એ.રવૈયા, પંકજભાઈ સાગઠીયા પો.હેડ.કોંન્સ. તેજલબેન સિંધવ, પો.કોન્સ કલ્પેશભાઈ ચાવડા, જીજ્ઞેશભાઈ શુકલ, વિક્રમભાઇ છેલાણા, જયેશભાઈ કરમટા, અજયસિંહ ચુડાસમા, નરેન્દ્રભાઇ બાલસ, જુવાનભાઈ લાખણોત્રા એ સાથે રહી સારી કામગીરી કરેલ છે.

# રાજકોટ-અમદાવાદ સિક્સ-લેન હાઈવેનો મુદ્દો સંસદમાં ઉઠયો

## રાજકોટ-બામણબોર વચ્ચે તો હજુ એક મેજર બ્રિજ તથા કુવાડવા ફલાયઓવરનાં કામ બાકીઃ ખુદ નીતીન ગડકરીનો જ એકરાર

**મુખ્ય સમાચાર, નવી દિલ્હી**

રાજકોટ-અમદાવાદ વચ્ચેનાં મહત્વાકાંક્ષી સિક્સ-લેન હાઈવે પ્રોજેક્ટમાં પાંચમાંથી એક પણ ભાગમાં કામ સંપૂર્ણ પૂર્ણ થયુ ન હોવાનો સ્વીકાર કેન્દ્રીય પરિવહન બામણબોર મંથી નીતિ બાધીએ સંચળમાં તથા બામણબોર-સાપલાના બે ભાગોમાં તો પુલ-બ્રિજ-ફ્લાપ ઓવરના કામ બાકી છે. જપારે અન્ય ત્રણ ભાગોમાં સર્વીસ રોડ-જંકશનના કામો બાકી છે. રૂા. ૨૧૦૦ કરોડના અંદાજીત ખર્ચ સાથે મહત્વાકાંક્ષી પ્રોજેક્ટને ૨૦૨૦ માં પૂર્ણ કરવાનો હતો. પરંતુ આઠ વર્ષે પણ તેનું કામ પૂર્ણ થયુ નથી તે સરકારની ગતિશિલતાના દાવા પર સવાલ સર્જે છે. કેન્દ્રીય માર્ગ પરિવહન અનેીએ આર્ય મંત્રીત નીસિર ગુજરાત દ્વારા વિકસાવવામાં આવી રહેલા અમદાવાદ-રાજકોટ છ-લેન હાઇવે પ્રોજેક્ટની પ્રગતિ અંગે અપડેટ શેર




કર્યું હતું. રાજ્ય સરકાર દ્વારા પૂરી પાડવામાં આવેલી વિગતો અનુસાર, હાઈવેનો નોંધપાત્ર ભાગ પૂર્ણ થઈ ગયો છે, જ્યારે કેટલાક ભાગો બાંધકામ હેઠળ છે.

સંસદના ચાલુ ચોમાસા સત્ર મુખ્ય વિભાગોમાં વહેંચાયેલો આ દરમિયાન એક પ્રથના જવાબમાં, ગડકરીએ જણાવ્યું હતું કે પાંચ પ્રોજેક્ટ ૧૯૦ કિલોમીટરથી વધુનો વિસ્તાર આવરી લે છે. અમદાવાદથી બગોદરા સુધીના પહેલા ૪૦ કિલોમીટરના ભાગમાં,મુખ્ય કેરેજવે પૂર્ણ થઈ ગયો છે, અને હાલમાં સર્વિસ રોડ પર કામ ચાલી રહ્યું છે. તેવી જ રીતે, બગોદરાથી લીંબડી સુધીના ૪૩ કિલોમીટરના ભાગમાં, મુખ્ય કેરેજવે પૂર્ણ થઈ ગયો છે, અને સર્વિસ રોડનું બાંધકામ ચાલુ છે. વધુમાં, લીંબડી અને સાયલા વચ્ચેના ૩૮.૯૫ કિમી લાંબા ભાગમાં, મુખ્ય કેરેજવે પૂર્ણ થઈ ગયો છે, જેમાં સર્વિસ રોડ અને જંકશન સુધારણા પર વિવિધ કામ ચાલી રહ્યા છે. હવે, છેલ્લા બે વિભાગોમાં, ફક્ત કેટલાક મુખ્ય કાર્યો બાકી છે. સાયલાથી બામણબોર (૩૭.૬૨ કિમી) સુધી,લગભગ ૩૭ કિમી પૂર્ણ થઈ ગયું છે, જ્યારે બે નાના પુલનું કામ હજુ પણ ચાલુ છે.

દરમિયાન, રાજકોટથી બામણબોર સેક્શન (૩૦.૫૮ કિમી) માં, આશરે ૨૮.૩૮ કિમી પૂર્ણ થઈ ગયું છે, જેમાં હડારિયો મેજર બ્રિજ, કુવાડવા ફ્લાયઓવર અને ટોલ પ્લાઝાનું કામ હજુ પણ ચાલુ છે. આ પ્રોજેક્ટ, જેની સંયુક્ત શુશુ મન ઉપર અમદાવાદો અને રાજકોટ વચ્ચે કનેક્ટિવિટીમાં નોંધપાત્ર સુધારો કરવાનો, મુસાફરીનો સમપ ઘટાડવાનો અને ગુજરાતના મુખ્ય આર્થિક કોરિડોર પૈકીના એક પર ટ્રાફિક ભીડ ઘટાડવાનો છે.

# ગોંડલમાં ઘર કંકાસથી કંટાળી ટ્રેન હેઠળ ઝંપલાવી યુવાનનો આપઘાત

## સુરેશ્વર ફાટક નજીક ભરેલું અંતિમ પગલું

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ માં યુવકે ટ્રેન નીચે ઝંપલાવી આત્મહત્યા કરી લીધી હતી. સુરેશુર ફાટક થી ભોજપરા ગામ વચ્ચે મુળ મધ્યપ્રદેશ નાં ભીંડ તાલુકાનાં કોતગામ નાં અને હાલ ગોંડલ ખોડીયાર નગર માં રહેતા શૈલેન્દ્રસિંગ ઉર્ફે પંકજ મહેન્દ્રસિંગ રાજાવત ઉ.૨૫ ટ્રેન નીચે ઝંપલાવી આત્મહત્યા કરી લીધી હતી. યુવકે રાત્રીના બે વાગ્યે રાજકોટ થી ગોંડલ આવતી માલ ગાડી નીચે પડતું મૂકી આપઘાત કરી લીધો હતો. ઘટનાની જાણ થતાં તાલુકા પોલીસ ઘટના સ્થળે દોડી ગઇ હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક યુવકને પત્ની સાથે કોઈ કારણોસર ઝઘડો થયો હતો અને ત્યારબાદ ઘરેથી નિકળી સુરેશ્રવર ફાટક નજીક યુવકે ટ્રેન નીચે પડતું મૂકી અંતિમ પગલું ભરી લીધાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.ઘટના સ્થળે શિવમ સાર્વજનિક ટ્રસ્ટના સભ્યો સુરેશુર ફાટક પાસે એમ્બ્યુલન્સ રાખી અંદાજે ૧ કિલોમીટર થી વધુ ચાલી મૃતદેહ સુધી પોહચ્યા હતા અને મૃતક યુવકના મૃતદેહને પી.એમ માટે ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. તાલુકા પોલીસે યુવકના આપઘાત ક્યાં કારણોસર કર્યું તે અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

# ગોંડલમાં આશાપુરા ચોકડી પાસે ટ્રક ડ્રાઈવરના ઘરમાંથી રૂા.૭.૩૫ લાખની મતાની ચોરી

## યુવાન મકાન બંધ કરી રાજકોટ પ્રસંગમાં આવ્યો અને તસ્કરો ત્રાટકયાઃ અજાણ્યા સામે ગુનો

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલમાં આશાપુરા ચોકડી પાસે ટ્રક ડ્રાઈવરના મકાનમાંથી રૂ૭.૩૫ લાખની મતાની ચોરી થતા ગોંડલ બી. ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે ગોંડલમાં આશાપુરા ચોકડી પાસે રશાશ્રમની બાજુમાં રહેતાં રૂત્વિકભાઈ પ્રવિણભાઈ અગ્રાવત (ઉ.વ.૨૪) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ દર્શન ટ્રાન્સપોર્ટમાં ટ્રક ડ્રાઈવિંગ કરે છે.

ગઇ તા. ૦૪/૦૫/૨૦૨૫ ના તે અને તેમના પિતા બન્ને ઘરે હતા અને



મમ્મી જયશ્રીબેન જે પોરબંદર તેમના મામાની દિકરીની સગાઇ હોય તેથી પોતે એકલા પોરબંદર ગયેલ હતા. સવારના ૧૧ વાગ્યે તેના પિતા રીક્ષા લઈને ગામમાં જવા નીકળેલ હતા અને યુવકને રાજકોટ લગ્નમાં જવાનુ હોય જેથી ઘરમાં તાળુ મારી પોતાની ઈકો કાર લઈને નીકળેલ હતો. બપોર બાદ સાડા ચારેક વાગ્યે તેમના પિતાનો ફોન આવેલ કે, હું ઘરે આવ્યો ત્યારે ઘરનો દરવાજો ખુલ્લો હતો અને અંદર ઘર વખરી વેર વીખેર પડેલ છે, તુ ઝડપથી ઘરે આવ જેથી તે તુંરત રાજકોટથી ગોંડલ આવવા માટે નીકળી ઘરે પહોંચી ઘરમાં તપાસ કરતા ઘરમાં ચોરી થયેલનું સામે આવ્યું હતુ.

બાદમાં તેને ઘરમાં રહેલ કબાટ ચેક કરતા તેની માતાના સાત લાખ રોકડ તેમજ તેમનો પગાર ૧૦ હજાર તેમજ લક્કી નંગ-૧, ચાંદીની વિટી નંગ -૨ તેમજ સોનાની બુટી નંગ-૧ રૂ૨૫ હજાર મળી કુલ રૂ૭.૩૫ લાખનો મુદ્દામાલ જોવામાં આવેલ ન હતો. જેથી કોઈ અજાણ્યાં તસ્કરોએ ઘરમાં ત્રાટકી ચોરી કરી નાસી છૂટતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી ગોંડલ બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી પીએસઆઇ એસ.વી.ડાંગર અને ટીમે તપાસનો ધમધમાટ આદર્યો હતો.

# સાબરમતી રીવરફ્રન્ટ ખાતે આપઘાત કરવા આવેલા પરિવારને પોલીસે બચાવ્યો



## આર્થિક સંકળામણના કારણે પતિ-પત્ની પુત્ર સાથે આપઘાત કરવા નીકળ્યાઃ પોલીસે મદદ કરી પોલીસ પ્રજાની મિત્ર છે એ સૂત્ર સાર્થક કર્યુ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ઈસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ કુષ્ણકુંજ સોસાયટી રહેતા ગોપીચંદ હીરાજી જાટોલીયાના પુત્ર મહેન્દ્રભાઈ જાટોલિયાને આર્થિક સંકડામણના કારણે પરિવાર સાથે આત્મહત્યા કરવા, પોતાના પરીવાર સાથે સાબરમતી રીવરફ્ન્ટ ખાતે ઈસનપુર પોલીસે તાત્કાલિક ત્વરિત કાર્યવાહી આદરી ગણતરીના કલાકોમાં આત્મહત્યા કરવા માટે નીકળી ગયેલ પરીવાર શોધી કાઢી, આત્મહત્યા કરતા બચાવી લઈ, ચાર વ્યક્તિઓના જીવ બચાવેલ હતા અને પરિવારનો માળો વિખાય જતો બચાવેલ હતો.

ઈસનપુર પોલીસ ટીમ દ્વારા આર્થિક સંકડામણ અનુભવતા પરીવારને તેના પિતા સાથે બોલાવી, જે ડિવિઝન ડીસીપી પ્રદીપસિંહ જાડેજા તથા ઇસનપુર પીઆઈ બી.એસ.જાડેજા સહિતના પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારીઓ તથા સ્ટાફ દ્વારા પરીવારને પોતાની જિંદગી અમૂલ્ય હોઈ, મનુષ્ય જીવન ફરી ફરીને મળતું ના હોય, સામાન્ય પ્રશ્નના કારણે આત્મહત્યા કરવી, એ સોલ્યુશન નહિ હોવાની શીખ આપી, પરિવારજનોને બોલાવી, બચાવી લેવાયેલ મહેન્દ્રભાઈ ને શું શું દેણું થઈ ગયેલ હોવાની વિગતો લેતા, બેંક ખાતે આશરે પાંચ લાખ, રિક્ષા ઉપર એક લાખ, બંધન બેંક પાસે તેમજ પોતાના સંબંધીઓ પાસેથી રૂપિયા લીધેલાની અને આશરે સાત આઠ લાખનું દેવું હોવાની વિગત જણાવેલ હતી.

જે ડિવિઝન ડીસીપી પ્રદીપસિંહ જાડેજા તથા ઈસનપુર પીઆઈ બી.એસ.જાડેજા સહિતના પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારીઓ તથા સ્ટાફ દ્વારા સામાન્ય રીક્ષા ચાલક દ્વારા વગર વિચાર્યે કરજ કરી નાખવામાં આવેલ હોય, તેના જીવનની ગાડી પાટે ચડાવવા માટે શરૂઆતમાં દાતાઓ શોધી, બાળકોની આશરે રૂ. ૩૦,૦૦૦/- જેટલી ફી તાત્કાલિક ભરી દેવામાં આવી અને પોલીસ કમિશ્નર જ્ઞાનેન્દ્ર સિંહ મલિક દ્વારા પણ આર્થિક મદદ કરવામાં આવેલ હતી. આ ઉપરાંત તેના ઉપર દેવું ભરપાઈ કરવા આશરે સાત આઠ લાખ રૂપિયાની જરૂરત હોય, અમદાવાદ શહેરના હાઇકોર્ટમાં પ્રેક્ટિસ કરતા એક સદગૃહસ્થ વકીલની મદદથી સહાય કરી, આશરે પાંચ લાખ જેટલું કરજ આપી દેવામાં આવેલ હતું. બેંક ખાતે આશરે પાંચ લાખ જેટલી લોન બાકી હોય, ઈસનપુર પોલીસ દ્વારા બેંકના અધિકારીઓને તથા રિક્ષાની લોન આપનારને રૂબરૂ બોલાવી, વ્યાજ માફ કરવા જણાવતા, બેંક દ્વારા આશરે બે લાખ અને રિક્ષાની લોન આપનાર દ્વારા આશરે રૂ. ૪૦,૦૦૦ જેટલું વ્યાજ ઓછું કરી આપતા, તમામ ને રૂપિયા ભરપાઈ કરી આપતા, ૮૦ % જેટલા બોજામાંથી મુક્ત કરવામાં આવેલ હતો. મહેન્દ્રભાઈના પરિવારજનો દ્વારા અમદાવાદ શહેર પોલીસનો આભાર વ્યક્ત કરતા, ઈસનપુર ખાતે ભાવવ-ાહી દશ્યો સર્જાયેલ હતા. ઈસનપુર પોલીસ દ્વારા સમયસૂચકતા વાપરી, ત્વરિત કાર્યવાહી કરી, એક પરીવારને આત્મહત્યા કરવા બચાવતા અને નવું જીવન આપવાની સાથે જીવનની ગાડી પાટે ચડાવી દેતા, પરિવારજનો દ્વારા અમદાવાદ શહેર પોલીસનો આભાર વ્યકત કરવામાં આવેલ હતો.

# પ્રભાસપાટણમાં ગાંજાના જથ્થા સાથે શખ્સ ઝડપાયો



## લીલા તથા સૂકા છોડ, પાન સાથે એસઓજીએ પકડી પાડયા

**મુખ્ય સમાચાર, પ્રભાસપાટણ**

ગીર-સોમનાથના પ્રભાસપાટર-ભાલકા કૈલાસ સોસાયટી નજીકથી કાના ભાણાભાઈ જેઠવા (ઉ.વ.૬૫)ને ગીર-સોમનાથ એસઓજીએ ગાંજાના લીલા તથા સૂકા છોડના જથ્થા સાથે પકડી પાડ્યો છે. માહિતીના આધારે ઈન્ચાર્જ પીઆઈ એન.એ. વાઘેલા તથા ટીમે દરોડો પાડયો હતો. આરોપી પાસેથી ગાંજાના ૩૪ છોડ તેમજ ડાળીઓ, પાનબીજ સુકા વનસ્પતિ જન્ય ગાંજો મળી ૧૨,૫૪૦નો ગાંજો કબજે કર્યો હતો. આરોપી ગાંજાનો જથ્થો લાવીને સૂકવીને વેચતો હતો. દરોડામાં પીઆઈ એમ.જી. પટેલ, એસઓજીનો સ્ટાફ સાથે રહ્યો હતો.